સુવિચાર
પ્રશંસા અને ચાંપલુસીમાં બહુ મોટો ફરક છે, પ્રશંસા માણસનાં કામની થાય છે, જયારે ચાંપલુસી કામનાં માણસની થાય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૭/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
'ક્ષમા આપવીએ ઉતમ છે, પણ ભુલી જવું એ એના કરતાંય વધુ ઉતમ છે.'
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૭ વર્ષ : ૧૬ અંક : ૧૮૫

## અમદાવાદની સુપ્રસિધ્ધ મેરિન્ગો–સિમ્સ હોસ્પિટલનાં સહયોગથી રવિવારે

# રોટરી કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા સુપર સ્પેશ્યાલીટી મેડિકલ કેમ્પ યોજાશે

અમરેલી ખાતે જીજીબેન ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે સવારે ૯થી બપોરે ૧ સુધી કેમ્પ યોજાશે

કેમ્પમાં અમરેલીનાં વતની અને અમદાવાદ સ્થિત ડો. અનીષ ચંદારાણા પણ ખાસ ઉપસ્થિત રહેશે

કેમ્પમાં વિવિધ રોગનાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરની ટીમ નિદાન અને સારવાર કરશે

જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો




અમરેલી, તા. ૧૬

અમરેલીનાં આંગણે આગામી ૨૦ જુલાઈને રવિવારે સવારે ૯થી બપોરનાં ૧૨ સુધી જીજીબેન ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે રોટરી કલબ ઓફ અમરેલી સિટી ધ્વારા મેરિન્ગો સિમ્સ હોસ્પિટલનાંસહયોગથીવિનામૂલ્યેસુપર સ્પેશ્યાલીટી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાંઆવેલછે.

આ કેમ્પમાં હૃદયને લગતા તમામ રોગોનાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડો. ધીરેન શાહ, કેન્સરને લગત રોગોનાં નિષ્ણાંત ડો. ભાવેશ પારેખ, સ્ટ્રોક, માઈગ્રેઈન સહિતનાં રોગો માટે ન્યુરોલોજીસ્ટ ડો. કેવલ ચાંગડિયા, હૃદયનાંઅનિયમિતધબકારા સહિતનાં રોગોનાં નિષ્ણાંત ડો. હિરેન કેવડીયા, ગેસનેલગતારોગોનાંનિષ્ણાંતડો.ભાવેશ ઠકકર,ઓર્થોપેડીકડો.અજયસિંહદેવડા તેમજલીવરટ્રાન્સપ્લાન્ટનાંનિષ્ણાંતડો. વિકાસ પટેલ, નેફ્રોલોજીસ્ટ ડો. હિતેષ દેસાઈ, ઘુંટણમાં તકલીફ જેવા રોગોનાં નિષ્ણાંત ડો. અજયસિંહ દેવડા નિઃશુલ્ક દર્દીઓનીસારવારઅનેનિદાનકરશે.

આદરમિયાનઅમરેલીનાં વતનીઅનેઅમદાવાદસ્થિતડો.અનિશ ચંદારાણ પણખાસઉપસ્થિતરહેશે.

## સ્થાનિક પોલીસની સર્વેલન્સ ટીમની કામગીરી

# ધારીનાં જળજીવડી ગામનાં પાટીયા નજીક કારમાંથી વિદેશી દારૂ ઝડપી લેવાયો

## વિદેશી દારૂની ૨૭૬ બોટલ અને કાર જબ્બે

અમરેલી, તા. ૧૬

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા ધારી ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીરગઢવી દ્વારા દારૂની બદી સદંતર દુર કરવાપ્રોહીબીશનલગતપ્રવૃત્તિ કરતા ઈસમોઉપરવોચગોઠવીદરોડોકરીકડક કાર્યવાહીકરવાસુચનાઆપેલહોય. ધારી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એ.એમ. દેસાઈની રાહબરી હેઠળ ધારી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન ચોક્કસ મળેલ બાતમીના આધારે ધારી તાલુકાના જળ જીવડીગામનાપાટીયાપાસેપોલીસેવોચ ગોઠવીએકસીલ્વરકલરનીકારજેનાનં.



જી.જે–૦૨સીજી–૧૫૪૩વાળીગાડીની તલાશી લેતાંઆ કારમાંથી અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટનો વિદેશી દારૂનોજથ્થોબોટલનંગ–૨૭૬ કુલકિંમત રૂપિયા ૧,૬૩,૦૪૪ તથા કારની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૬,૬૩,૦૪૪નોમુદામાલપકડીપાડીતથા ગાડીનાઅજાણ્યાચાલકનાસીજતાંતેમની વિરૂધ્ધધારીપોલીસસ્ટેશનમાંપ્રોહીબીશન એકટહેઠળગુનોરજીસ્ટરકરીધોરણસરની કાર્યવાહીકરવામાંઆવેલછે.

## સ્પીડબ્રેકર શહેરીજનો માટે હાર્ટ બ્રેકર બની રહ્યા છે

# અમરેલી શહેરમાં નીતિ–નિયમો નેવે મુકીને બનાવવામાં આવેલ સ્પીડ બ્રેકરને હટાવવા જરૂરી

## પાલિકા અને માર્ગ–મકાન વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી થાય તેવી માંગ



અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાં આવેલ પાલિકા અને માર્ગ–મકાન વિભાગ હસ્તકનાં જાહેર માર્ગો ઉપર પાલિક અને માર્ગ–મકાન વિભાગ દ્વારા નિયમોનો ઉલાળીયો કરીને જયાં ત્યાં સ્પીડ બ્રેકર બનાવાયા હોય આ સ્પીડ બ્રેકર શહેરીજનો માટે હાર્ટ બ્રેકરનું કામ કરતા હોય તેવુ લાગે છે.

પાલિકા દ્વારા ચિતલ રોડ ઉપર નુતન હાઈસ્કુલનાં કોર્નર થી ઓમનગર તરફ જતાં માર્ગ ઉપર બે

અનુસંધાન પાના ૬ ઉપર

## પગનાં સાંધાનાં દુઃખાવથી કંટાળીને

# બાબરાનાં સુખપર ગામનાં ૭૦ વર્ષિય વૃધ્ધે ઝેરી દવા પી લીધી

## સારવાર દરમિયાન અંતિમશ્વાસ લીધા

અમરેલી, તા. ૧૬

બાબરા તાલુકાના સુખપર ગામે રહેતા મોહનભાઈ ધરમશીભાઈ મકવાણાનામના૭૦વર્ષિયવૃધ્ધનેપગના સાંધાનોદુઃખાવોરહેતોહોયઅનેસારૂ પણ થતુંનહોય. જેથીકંટાળીજઈ ગતતા. ૮નાં રાત્રીનાઆશરેઆઠેકવાગ્યેસુખપરગામે પોતાની વાડીએ આવેલ રહેણાંક મકાને ઘાસમાંછાંટવાનીઝેરીદવાપીજતાતેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાંજાહેરથવાપામેલછે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્ક્રીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

## પર્યાવરણ માટે અતિ ઘાતક પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ અટકાવવા માટે

# ગાંધીગીરી : પાલિકા જુના કપડાનાં બદલામાં કપડાની થેલી આપશે

**જાહેર માર્ગો ઉપર પ્લાસ્ટીકનાં ઝબલાનાં ઢગલા ઓછા થાય તે માટે નવતર પ્રયોગ**

**અઠવાડીયામાં ૨ દિવસ દરમિયાન જેશીંગપરા ખાતે કપડાની બેગ અપાશે**

**જુના કપડા લઈને સ્વસહાય જુથની બહેનો તુરત જ કપડાની થેલી આપી દેશે**

**શહેરીજનોને આ નવતર પ્રયોગને સફળ બનાવવા અનુરોધ કરાયો**

અમરેલી, તા. ૧૬

અમરેલી નગરપાલિકા ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક નાબુદી માટે ગાંધીગીરી રૂપ માય થેલી કાર્યક્રમ દર ગુરૂવાર અને શુક્રવારે યોજવામાં આવી રહેલ છે. જેમાં શહેરીજનો પાસેથી જુના કપડાં લઈ તેજ કપડાની થેલી બનાવી આપવામાં આવશે.

પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા સરકાર ધ્વારા અનેક પગલા ભરવામાં આવી રહેલ છે. પરંતુ લોકોની સ્વયં જાગૃતતાના અભાવે જાહેર રોડ ઉપર નજર કરો ત્યાં પ્લાસ્ટિક છવાયેલું જોવા મળે છે. પશુ, પર્યાવરણ માટે અતિ નુકસાનકારક અને જીવલેણ પ્લાસ્ટિકના ઉપયોગ ઉપર ખાસ કરીને બહેનોએ જાગૃતતા દાખવવી જરૂરી બનેલ છે. આજે સ્વચ્છતા અભિયાનમાં પણ પ્લાસ્ટિક ખૂબ જ બાધારૂપ બનેલ છે. બહેનોમાં પ્લાસ્ટિકના ઉપયોગને અલવિદા કરવા માટે અમરેલી નગરપાલિકા ધ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવી રહેલ છે. જેમાં દર ગુરૂવાર અને શુક્રવારે સવારે દશ થી બે અને બપોરે ત્રણ થી છ કલાક સુધી શહેરના જેશીંગપરા શિવાજી ચોકમાં આવેલ સિવિક સેન્ટર ખાતે શહેરીજનો પાસેથી જુના કપડાં લઈ સ્વ સહાય જુથોની બહેનો ધ્વારા સ્થળ ઉપર જ કપડાની થેલી આપવામાં આવશે. આ માય થેલી કાર્યક્રમનો શહેરીજનોએ બહોળી સંખ્યામાં લાભ લેવા ચીફ ઓફિસર વિનોદ ચૌહાણ ધ્વારા જાહેર અપીલ કરવામાં આવેલ હતી.

---

**માનસિક બીમારથી કંટાળીને**

## સાવરકુંડલાનાં વાડી વિસ્તારમાં રહેતા યુવકે ઝેરી દવા પી લીધી

**સારવાર દરમિયાન અંતિમશ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૬, સાવરકુંડલા ખોડીના રસ્તે આવેલ વાડીએ રહેતા કરણભાઈ પોપટભાઈ ઝીંઝુવાડીયા નામના ૨૧ વર્ષિય યુવક છેલ્લા સાત વર્ષથી માનસિક બીમાર હોય. જેથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા. ૧૧નાં રોજ મોનોકોટો ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

**ગરીબોને દેવાનો જથ્થો ભેગો કરીને એકત્ર કરાતા**

## અમરેલીનાં રોકડીયાપરામાં આવેલ ગોડાઉનમાંથી રેશનિંગનાં ઘઉં અને ચોખાનો જથ્થો સીઝ કરી દેવાયો

**જિલ્લા પુરવઠા અધિકારીની ટીમે ટ્રક સહિત ૩૬ લાખનો મુદ્દામાલ સીઝ કર્યો**

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં આવેલ જુની સબ જેલ સામે રહેતા આરોપી સાહીરભાઈ રહીમભાઈ મેતરે પોતાન આર્થિક ફાયદો મેળવવા સારૂ બીનકાયદેસર અને અનઅધિકૃત રીતે રેશનિંગનો અનાજનો જથ્થો ભેગો કરી વેપાર કરતા હોય, જે સરકાર દ્વારા ગરીબ કુટુંબોને મફત અનાજ પુરૂ પાડવાના ઉદેશ્ય અડચણ રૂપ પ્રવૃતિ કરી, આ પ્રવૃતિને પોતાનો વ્યવસાય બનાવેલ હોય જેની ગત તા. ૭/૮/૨૫ના રોજ અમરેલી જિલ્લા પુરવઠા અધિકારી પી.બી. કુંભાણી તથા અમરેલીના તત્કાલીન મામલતદાર જી.જી. બાવીશા તથા નાયબ મામલતદાર પુરવઠા જે.ડી. સોલંકી તથા સરકારી અનાજ ગોડાઉન મેનેવર ચિરાગ એચ. નનાલીયા સહિતની ટીમ દ્વારા તપાસ કરતા આ આરોપીના અમરેલીના રોકડીયાપરા વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા વાડીની સામે, બી.પી.એમ. સાયકલના ગોડાઉનમાંથી ઘઉં ૬૩૭૦ કિંમત રૂપિયા ૧,૭૧,૯૯૦, ચોખા ૨૫૨ કિ.ગ્રા. કિંમત રૂપિયા ૯,૫૮,૩૩૫૩૩૫ તથા ટ્રક નં. જી.જે.૧૨–બી.ડબ્લયુ– ૪૨૨૮ કિંમત રૂપિયા ૨૫,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૬,૫૭,૩૨૫ મુદ્દામાલ બીનકાયદેસર અને અનઅધિકૃત રીતે રેશનિંગના અનાજના જથ્થા રાખેલ હોય જે મુદ્દામાલ કબ્જે કરેલ હતો. આ બનાવ અંગે ઈન્ચાર્જ મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અમરેલી (શહેર) હરેશભાઈ એમ. તલાટી અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

---

**પાલિકાનાં શાસકો ગંદકી દુર કરવામાં સદંતર નિષ્ફળ**

## જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં ગંદકીનાં કારણે સ્થાનિકોનાં આરોગ્ય ઉપર ગંભીર ખતરો

**ઉચ્ચ કક્ષાનાં પદાધિકારીઓ અને અધિકારીઓ યોગ્ય કરે તે જરૂરી**





જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારોમાં વરસાદી પાણી તથા ડ્રેનેજ પાણીના અમુક વિસ્તારોમાં તળાવ જેમ ભરાયેલા હોય તથા અમુક વિસ્તારોમાં ડ્રેનેજ પાણી ના કારણે કાદવ કીચડનું સામ્રાજય ફેલાયેલું જોવા મળી રહ્યું છે. પરંતુ પાલિકાના જવાબદાર અધિકારી આંખ આડા કાન કરી રહ્યા છે. વોર્ડ નંબર ૩,૪, માં સાફસફાઈ તો ઠીક છે. પરંતુ ડીડીટીનો છંટકાવ પણ કરવામાં આવતો નથી અને ફેસબુક ઉપર ફોટા સેશન કરી સોશિયલ મીડિયામાં પોતાની કામગીરી દેવામાં આવી રહી છે. પરંતુ પીપળી કાંઠાના સામાકાંઠા વિસ્તારોમાં ઠેકઠેકાણે ડ્રેનેજ પાણી અવારનવાર રોડ ઉપર ચડતાં હોય આજુબાજુમાં રહેણાંક ઘરોની બાજુમાં વરસાદી પાણી તેમજ ડ્રેનેજ પાણી આ બધી ગંદકીને ગંદા પાણીના લીધે મચ્છરોનો તથા માખીઓનો ઉપદ્રવ વધી રહ્યો છે. તેના લીધે ગંભીર રોગચાળો ફેલાય તો જવાબદારી કોની..?? અહીં વોર્ડ નંબર ૩,૪ના અમુક અમુક વિસ્તારોમાં લગ્ન હોય નાગરિકોના સામાજિક પ્રસંગોમાં પણ કાદવકીચડ અને ડ્રેનેજ પાણી તથા વરસાદી પાણીમાં નાગરિકો પોતાના સામજિક પ્રસંગો ઉજવણી કરી રહ્યા છે. તેવામાં પાલિકા દ્વારા સારી એવી સુવિધા દેવામાં પણ ઝીરો હોય તમામ સ્તરે વેરા રૂપે ટેસ્ટ ભરવા છતાં પણ નર્ક જેવી સ્થિતિ સર્જાઈ છે. પાલિકાના જવાબદાર સાફસફાઈ વિભાગ સામાકાંઠા વિસ્તારોમાં વોર્ડ નંબર ૩,૪, માં ડોકાવા પણ આવતા નથી આ વિસ્તાર સાથે અન્યાય શામાટે કરવામાં આવી રહ્યોં છે..?? અહીંના નાગરિકો પાસેથી પાલિકા દ્વારા દર વર્ષે વેરો વસૂલવા છતાં પણ સારી એવી સવલતો સુવિધા દેવામાં પણ વામણી થઈ જાફરાબાદ નગરપાલિકા ઠેકઠેકાણે ડ્રેનેજ પાણી રોડ રસ્તા ઉપર વહેતાં જોવા મળી રહ્યાં છે. એમાં પણ ઉકરડા ખડકાયેલા જોવા મળી રહ્યાં છે.નાગરિકોની રજુઆત છતાં કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું પાલિકા તંત્ર આ સામાકાંઠા વિસ્તારોમાં સાફસફાઈનો વેરો ૭૨ રૂપિયા વસૂલાત કરવામાં છતાં સાફસફાઈ થતી નથી તોય છતાં નાગરિકો ૭૨ રૂપિયા ટેક્સ ભરી રહ્યા છે. અમુક અમુક વિસ્તારોમાં ડ્રેનેજ પાણીના તળાવ ભરાયેલા જોવા મળી રહ્યાં છે. કોઈ મોટી બીમારીનું આમંત્રણ પાલિકા દ્વારા આપવામાં આવી રહ્યું છે. નિંદ્રાધીન પાલિકા તો ઠીક છે. પરંતુ અહીંથી ચુંટાયેલા સભ્યો જીતી ગયા એટલે શેખી મારવામાં મસ્ત છે. નાગરિકો હવે રોષે ભરાયેલા છે. અહીં ખદબદતી ગંદકીના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો હોય આરોગ્ય ખાતુ ગંભીરતા લઈ પોરાનાશક દવા છાંટી રોગચાળો પગપેસારો કરે તે પહેલાં ડીડીટીનો છંટકાવ કરવામાં આવે સામાકાંઠા વિસ્તારોમાં હાલમાં લગ્ન સાલું હોય પરંતુ અમુક વિસ્તારોમાં ગટરના પાણી તથા વરસાદી પાણીના લીધે દુર્ગંધ મારી રહ્યું છે. આ દુર્ગંધ મારતાં પાણીના લીધે મચ્છરો, માખીનો તથા જીવજંતુનો ઉપદ્રવ વધે તેવો ભય છે. અહીં રહેતા લોકો કે જયાં પણી ભરાયેલા છે. તે સામાકાંઠાના વિસ્તાર લોકીવિળડા, તથા રામાપીરના મંદિર, નકટાનીવાવ વિસ્તાર, તલાવડી વિસ્તારમાં તેમજ અન્ય વિસ્તારોમાં ખદબદતી ગંદકીના કારણે લોકોમાં રોગચાળો ફેલાય તેવી દહેશત હોય આરોગ્ય વિભાગ તથા પાલિકા દ્વારા ડીડીટી પોરાનાશક દવા છાંટવામાં આવે કારણ કે અહીં વરસાદી પાણી સાથે દુર્ગંધ મારતા ગટરના પણ પાણીનું તળાવ ભરેલા હોય અને કાદવકીચડનું સામ્રાજય ફેલાયેલું હોવાથી અને પાણી ભરાયેલા હોય જેથી ચિકનગુનિયા, ડેંગ્યૂ, મેલેરીયા જેવી ગંભીર બીમારીને અટકાવવા માટે પાલિકા તથા આરોગ્ય ખાતુ ગંભીરતા લઈ તાત્કાલિક ધોરણે પોરાનાશક દવા છાંટવામાં આવે તેવી સામાકાંઠા વિસ્તારોના નાગરિકોમાંથી માંગ ઉઠી છે.

---

**ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડનાં વિરોધમાં**

## અમરેલીમાં આમ આદમી પાર્ટીએ રોષભેર જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

**ખોટી ફરિયાદ કરનાર વિરૂધ્ધ કાર્યવાહીની માંગ**

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં પ્રમુખ નિકુંજ સાવલિયાની આગેવાનીમાં "આપ" કાર્યકર્તાઓએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.



આવેદન પત્રમાં જણાવેલ છે કે, ધારાસભ્ય ચૈતર વસાવા સરકારી નોકરી છોડી ત્યારથી ગુજરાતની જનતા અને આદિવાસી સમાજ પર થઈ રહેલા અત્યાચારો અને અન્યાય સામે સતત અવાજ ઉઠાવી રહ્યા છે. લોકોની વચ્ચે સુખ દુઃખમાં હાજરી આપી રહ્યા છે. લોકો માટે અનેક આંદોલનો કર્યા છે. જેમ કે રોડ રસ્તાના પ્રશ્ન હોય કે હોસ્પિટલના પ્રશ્નો હોય, જીઈબીના પ્રશ્ન હોય કે વિદ્યાર્થીઓ સ્કાલરશીપના પ્રશ્નો હોય, બસ માટેના પ્રશ્ન હોય, પોલીસ સ્ટેશનના પ્રશ્ન હોય કે વન વિભાગના પ્રશ્ન હોય, શિક્ષક સહાયકની ભરતી પર કાયમી ભરતી કરાવવા માટે લડયા. જયારે પણ ગુજરાતની જનતા અને આદિવાસી સમાજ પર અત્યાચારો થાય છે ત્યારે તેમનો અવાજ બની રહ્યા હતા. મજૂર અને કચડાયેલા લોકો પર થઈ રહેલા દમન અને અત્યાચારો સામે લડી રહ્યા હતા. ભ્રષ્ટાચારીઓ સામે લડયા, વિસ્થાપિતો માટે અવાજ ઉઠાવ્યો, સિંચાઈના પ્રશ્નો હોય કે બેરોજગારો, રોજમદારો, મજદૂરો માટે લડત ચલાવી, કોરોના કાળ દરમિયાન અનેક લોકોને અનાજ પૂરૂ પાડયું, ભરૂચ ખાતે માનવ સર્જિત પૂરમાં પણ લોકોને મદદરૂપ થયા, આદિવાસીઓ માટે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના આદિવાસીઓ માટે અવાજ ઉઠાવ્યો. આવી અનેક લડતો ધારાસભ્ય ચૈતર વસાવાએ ચલાવી અને તેની સામે અનેક ખોટા કેસો પણ થયા અનેતમામ કેસોમાં નિર્દોષ સાબિત થયા છે. ત્યારે ફરીવાર ભાજપની તાનાશાહી સરકારમાં થયેલ હજારો કરોડનું મનરેગા કૌભાંડ જેની તપાસમાં ૭૪૯ કરોડ જેટલું કૌભાંડ બહાર આવતા, વર્તમાન સરકારના મંત્રી બચુભાઈ ખાબડના બંને દીકરાઓ અને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય હીરા જોટવા અને તેમના દીકરા અને તેઓના સાગરીતોની સંડોવણી હોય અને તેઓ હાલ જેલમાં છે તેમના પર જે તપાસ ચાલી રહી છે આ તપાસને અટકાવવાના ભાગરૂપે ધારાસભ્ય ઉપર ખોટા કેસ કરનાર તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા અને નર્મદા જિલ્લા પોલીસ વિઢદ્ધ કડકમાં કડક કાર્યવાહી થાય તેવી આમ આદમી પાર્ટી, આદિવાસી સમાજ અને અન્ય સમાજની અને ગુજરાતની જનતાની લાગણી અને માંગણી છે.

---

**ધારાસભ્ય કસવાલાએ કેબિનેટ મંત્રીને પત્ર પાઠવ્યો**

## સાવકુંડલા પંથકમાં આવેલ શેલદેદુમલ ડેમને સંપૂર્ણ રીતે ભરવા માંગ કરાઈ

**ખેડૂતોનાં હિતમાં ઝડપથી નિર્ણય કરવો જરૂરી**

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલાએ રાજયનાં પાણી–પુરવઠા મંત્રી કુવરજીભાઈ બાવળીયાને પત્ર પાઠવેલ છે.



પત્રમાં જણાવેલ છે કે, શેલ–દેદુમલ ડેમ જે સાવરકુંડલા તાલુકાનું મહત્વપૂર્ણ જળસ્ત્રોત છે, તે છેલ્લા કેટલાય વર્ષોથી સંપૂર્ણ રીતે ભરાતો નથી. આ ડેમનો મુખ્ય હેતુ પીવા અને સિંચાઈ માટે પાણી પુરૂ પાડવાનો છે, પરંતુ પૂરતી જળસંચય ક્ષમતા હોવા છતાં તે યોગ્ય રીતે ભરવામાં આવતા નથી. પરિણામે ખેડૂતોને સિંચાઈ માટે જરૂરી પાણી મળતું નથી, જેને કારણે ખેતીનો ખર્ચ વધી રહ્યો છે અને ઉપજમાં ઘટાડો આવી રહ્યો છે. તે ઉપરાંત સાવકુંડલામાં શહેર તથા નજીકના ગામડાઓને પીવા માટે પૂરતું પાણી મળતું નથી. દર વર્ષની જેમા આ વર્ષે પણ વહેલા પાણી ઘટી જાય તેવી દહેશત નાગરિકો અને ખેડૂતોમાં છે.

વધુમાં જણાવેલ છે કે, ૧. ડેમના સંપૂર્ણ જળસંચય ક્ષમતા (૧૦૦%) સુધી ભરાવવા માટે સરકાર દ્વારા યોગ્ય પગલા લેવામાં આવે. ૨. આગામી વર્ષો માટે કાયમી અને વ્યૂહાત્મક યોજનાઓ બનાવવામાં આવે, જેની દરેક વર્ષ ડેમ પૂરતો ભરી શકાય અને પાણીની સમસ્યા નિવારી શકાય. તેમ અંતમાં જણાવેલ છે.

---

## રાજુલાનાં અગ્રણી મનિષ વાળાનો આજે જન્મ દિવસ

રાજુલા, તા. ૧૬

ગુર્જર પ્રજાપતિ ૪૨ બાબરીયા વાડના પ્રમુખ તરીકે સતત ૯ વર્ષથી પોતાના સમાજને પોતાની વિશિષ્ટ સેવા આપી રહ્યા છે. ત્યારે આ સિવાય ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે સતત ત્રણ વર્ષથી પોતે કાર્ય સંભાળી રહ્યા છે સાથે સાથે ભારતીય જનતા પક્ષના કારોબારી સભ્ય તરીકે સતત ૧૫ વર્ષથી પોતે કામ કરી રહ્યા છે. ત્યારે રાજુલા શહેરમાં દરેક ક્ષેત્રે આગવું નામ ધરાવતા મનીષભાઈ ઓધવજીભાઈ વાળા આજે ૫૬ વર્ષ પૂરા કરી ૫૭માં વર્ષમાં પ્રવેશ કરતા હોય. ત્યારે તેમના જન્મદિવસે રાજુલા શહેરના આગ્રણીઓ, વેપારીઓ તેમજ તેમના



સમાજના અગ્રાણીઓ તેમજ રાજકીય ક્ષેત્રે રાજકીય કાર્યકરો દ્વારા તેમને તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૫ ૮૨૫૪૮ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

---


સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી

સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો–રૂમ પાસે, અમરેલી.



ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ પ્લેટ –ધરા, જેક–ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ

કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ

YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

## ૨૮ મીટર લાંબા માઈનોર બ્રીજનાં પાયાનાં ભાગે ધોવાણ થવાથી

# ખારી-ચારણ પીપળી ગામ વચ્ચેનાં બ્રીજનું સમારકામ શરૂ

**ખારી ગામનાં પાદરમાં જ આવેલા બ્રીજનાં પાયાનાં ભાગે મોટા પથ્થર મુકાયા**

**પાણીનાં નિકાલ માટેના અવરોધરૂપ ઝાડી-ઝાખરાં અને માટી દૂર કરવામાં આવી**

**કુંકાવાવનાં માર્ગ-મકાન વિભાગ દ્વારા કામગીરી શરૂ**

**ગંભીરા પુલની દુર્ઘટના બાદ માર્ગ-મકાન વિભાગ ખરા અર્થમાં ગંભીર બન્યુ**



અમરેલી, તા. ૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સૂચના અન્વયે રાજયના વિવિધ માર્ગની નિરિક્ષણ અને મરામત કામગીરી શરૂ છે. અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોના માર્ગોના મરામત માટે માર્ગ અને મકાન તંત્ર કાર્યરત છે.

બગસરા તાલુકાના ખારી-ચારણ પીપળી ગામને જોડતા ૨૮ મીટર લાંબા માઈનોર બ્રીજની તપાસણી દરમિયાન પાયાના ભાગે ભારે વરસાદના પગલે ધોવાણ થયું હોવાનું સામે આવ્યું હતું. ત્યારે આજે આ બ્રીજના પાયાના ભાગે વરસાદી કે પુરના પાણીથી નુકસાન ન થાય તે રબલ એટલે કે મોટા પથ્થરો મૂકીને જરૂરી સમારકામ કરવામાં આવ્યું છે.

ખારી ગામના પાદરમાં જ આવેલા આ બ્રીજના પાયાના મજબૂતીકરણ માટેની કામગીરીની વિગતો આપતા માર્ગ અને મકાન પંચાયત કુંકાવાવ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર એમ.એમ. ચાવડાએ જણાવ્યુ કે, ૪ સ્પાન ધરાવતા આ બ્રીજના પાયાના ભાગે ભારે વરસાદથી ધોવાણ થયું છે. તેનું આજે રબલ એટલે કે મોટા પથ્થર પાયાના ભાગે મૂકીને સમારકામ કરવામાં આવી રહ્યું છે. પાયાના ભાગે મોટા પથ્થર મૂકીને તેના ઉપર સીસી એપ્રોન કરવામાં આવશે. જેથી ભવિષ્યમાં થનાર ધોવાણ પણ અટકશે.

તેમણે એમ પણ ઉમેર્યુ કે, વરસાદી પાણીના નિકાલ માટે જેસીબી મશીન દ્વારા અવરોધરૂપ ઝાડી-ઝાંખરા ઉપરાંત સરળતાથી પાણીનું વહેણ વહી શકે તે માટે માટી પણ દૂર કરવામાં આવી છે.

વધુમાં કહ્યુ કે, માર્ગ અને મકાન-પંચાયત કુંકાવાવ પેટા વિભાગ હેઠળના મોટાભાગના નાના મોટા બ્રિજના ઈન્સ્પેકશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઇટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ખુશ ખબર સારા સમાચાર
TATA AIA LIFE INSURANCE
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોય, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli






મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999






નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254






ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

સ્વ. ડો. હિતેશ શાહની.....
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન
- કાનની બુહનું ઓપરેશન
- એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫






પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને લખ્યો પત્ર

# જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા કાયદો બનાવો

## છેલ્લા પાંચ વર્ષથી જમ્મુ અને કાશ્મીરના લોકો પૂર્ણ રાજ્યનો દરજ્જો મેળવવાની માંગ કરી રહ્યા છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧૬

લોકસભામાં વિપક્ષના નેતા, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને રાજ્યસભામાં વિપક્ષના નેતા, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગ કરી છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે પીએમ મોદીએ સંસદના ચોમાસુ સત્રમાં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે બિલ લાવવું જોઈએ.

રાહુલ ગાંધી પત્રમાં લખ્યું છે કે, માનનીય વડાપ્રધાન, છેલ્લા પાંચ વર્ષથી જમ્મુ અને કાશ્મીરના લોકો પૂર્ણ રાજ્યનો દરજ્જો મેળવવાની માંગ કરી રહ્યા છે. આ માંગ માત્ર કાયદેસર જ નથી પરંતુ તેમનો બંધારણીય અને લોકશાહી અધિકાર પણ છે. એ સમજવું મહત્ત્વપૂર્ણ છે કે ભૂતકાળમાં કેન્દ્રશાસિત પ્રદેશોને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હોવાના ઉદાહરણો જોવા મળ્યા છે, પરંતુ સ્વતંત્ર ભારતમાં જમ્મુ અને કાશ્મીરનો મામલો કંઈક અલગ રહ્યો છે. આ પહેલી વાર છે જ્યારે કોઈ પૂર્ણ રાજ્યને તેના વિભાજન પછી કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો છે. પત્રમાં આગળ લખ્યું છે કે, તમે પોતે અનેક વખત પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની વાત કરી છે. ૧૯ મે, ૨૦૨૪ના રોજ ભુવનેશ્વરમાં આપેલા તમારા ઈન્ટરવ્યૂમાં, તમે કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપીશું એ અમારું વચન છે. અમે તેના પર અડગ છીએ. તેમજ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ શ્રીનગરમાં એક રેલીને સંબોધિત કરતી વખતે, તમે ફરીથી કહ્યું હતું કે અમે સંસદમાં કહ્યું છે કે અમે આ પ્રદેશને પૂર્ણ રાજ્યનો દરજ્જો ફરી આપીશું. આ ઉપરાંત, કેન્દ્ર સરકારે પણ કલમ ૩૭૦ ના મામલે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવી જ ખાતરી આપી હતી, જેમાં કહ્યું હતું કે શક્ય તેટલી વહેલી તકે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે.

રાહુલ ગાંધીએ લદાખ અંગે વાત કરતા પત્રમાં લખ્યું છે કે, અમે સરકારને સંસદના આગામી ચોમાસા સત્રમાં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે બિલ રજૂ કરવાની અપીલ કરીએ છીએ. આ ઉપરાંત, અમે સરકાર પાસેથી માંગ કરીએ છીએ કે તે બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદાખને સમાવવા માટે પણ બિલ લાવે. લદાખના લોકોની સાંસ્કૃતિક, વિકાસલક્ષી અને રાજકીય આકાંક્ષાઓને પૂર્ણ કરવા તરફ આ એક મહત્ત્વપૂર્ણ પગલું હશે. આ સાથે તે તેમના અધિકારો, જમીન અને ઓળખનું પણ રક્ષણ કરશે.

### ૫ અતિ-જોખમી પુલ સંપૂર્ણપણે બંધ કરાયા

# રાજ્યમાં નર્મદા કેનાલ પરના ૩૬ પુલોને તાત્કાલિક બંધ કરવા આદેશ

## ભારે વરસાદના પરિણામે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલના સમારકામની કામગીરી શરૂ

નર્મદા, તા.૧૬

ભારે વરસાદના પરિણામે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલના મરામત-સમારકામની કામગીરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશ બાદ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા આગમચેતીના ભાગરૂપે રાજ્યના વિશાળ નર્મદા કેનાલ નેટવર્ક પર સ્થિત વિવિધ પુલની પણ ટેક્નિકલ તપાસ હાથ ધરવામાં આવી છે અને તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવી છે. ૩૬ પુલને મરામતની જરૂરિયાત હોવાથી તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા માટે સૂચના આપવામાં આવી છે, જ્યારે ૫ પુલને સંપૂર્ણપણે બંધ કરાયા છે અને ૪ પુલ પર ભારે વાહનો પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અહેવાલ મુજબ, ગુજરાતમાં ૧૭.૯૨ લાખ હેક્ટર સિંચાઈ વિસ્તારને આવરી લેતું આશરે ૬૯,૦૦૦ કિ.મી. લાંબુ નર્મદા કેનાલ નેટવર્ક ઉપલબ્ધ છે. આ કેનાલ નેટવર્ક પરથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો અને ગામડાના માર્ગોને જોડતાં આશરે ૨,૧૧૦ જેટલા પુલ કાર્યરત છે. આ પુલની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવા, સંભવિત ક્ષતિઓને અટકાવવા તેમજ પુલના આયુષ્યને લંબાવવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા આ તમામ પુલનું વિઝ્યુઅલ નિરીક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ નિરીક્ષણ અભિયાનના તારણના આધારે, ટ્રાફિક માટે જોખમી જણાઈ આવેલા કુલ ૫ પુલને સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યા છે. પુલની વાહક અને ભાર ક્ષમતાના આધારે અન્ય ૪ પુલને ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૬ પુલને મરામતની જરૂરિયાત હોવાથી તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા માટે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે, નર્મદા કેનાલ પર સ્થિત બાકીના ૨,૦૬૫ નાના-મોટા પુલની સુરક્ષા સુનિશ્ચિત કરવા સંબંધિત ક્ષેત્રીય કચેરીઓને સૂચના આપવામાં આવી છે.

કયા પુલ સંપૂર્ણપણે બંધ કરાયા

૧. મોરબી જિલ્લામાં માળિયા બ્રાંચ કેનાલ પર અજીતગઢ અને ઘંટીલા ગામને જોડતા રોડ પર સ્થિત પુલ.
૨. મોરબી જિલ્લામાં નેશનલ હાઈવે ૧૫૧ અને મચ્છુ નદી વચ્ચે માળિયા બ્રાંચ કેનાલ પર સ્થિત પુલ.
૩. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર તાલુકાના ઢાંકી-છારદ ગામ પાસે સ્થિત પુલ.
૪. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર-વણા ગામ પાસે સ્થિત પુલ.
૫. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર વઢવાણ તાલુકાના બાલા-બાલા ફાર્મ પાસેનો પુલ.

ભારે વાહનો માટે પ્રતિબંધિત કરાયેલા પુલ

૧. અમદાવાદ જિલ્લામાં વલ્લભીપુર બ્રાંચ કેનાલ પર ફેદરા-બગોદરા અને ભાવનગરને જોડતા રાજ્ય ધોરીમાર્ગ પર સ્થિત પુલ.
૨. અમદાવાદના નરોડા અને ગાંધીનગરના દહેગામને જોડતા રાજ્ય ધોરીમાર્ગ પરની કેનાલ પર સ્થિત પુલ.
૩. અમદાવાદ જિલ્લામાં રાયપુર અને મેદરાને જોડતા માર્ગ પરની કેનાલ પર સ્થિત પુલ.
૪. પાટણ જિલ્લાના સંતાલુર તાલુકામાં કચ્છ બ્રાંચ કેનાલ પર સીધાળા અને સુઈગામને જોડતા રોડ પર સ્થિત પુલ.

રાજ્યના નર્મદા કેનાલ નેટવર્ક પર સ્થિત પરિવહન પુલ પર સતત ભારણ અને પર્યાવરણીય પરિબળોની અસર થતી રહે છે.

આવા સમયે સંભવિત જોખમોને ઓળખવા અને તેને સમયસર દૂર કરવા માટે નિયમિત નિરીક્ષણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એટલા માટે જ, પુલનું નિરીક્ષણ અને સમારકામ એક સતત ચાલતી પ્રક્રિયાનો મુખ્ય ભાગ છે. ભવિષ્યમાં પણ નિયમિત નિરીક્ષણ અને સમયસર જાળવણી દ્વારા પુલની સુરક્ષા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવામાં આવશે.

### વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં યોજાઇ શપથવિધિ

# નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ શપથ લીધા

## આ અવસરે ઈસુદાન ગઢવી AAP ના ધારાસભ્યો અને ગોપાલ ઈટાલિયાના સમર્થકો અને મહામંત્રી મનોજ સોરઠીયા પણ ઉપસ્થિત રહ્યાં હતા

ગાંધીનગર,તા.૧૬

૧૯ જૂને યોજાએલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ બાદ નવા ચૂંટાયેલા ધારાસ્ભયોનો આજ રોજ શપથ સમારોહ યોજવામાં આવ્યો હતો. કડીથી ચૂંટાયેલા રાજેન્દ્ર ચાવડાને અને વિસાવદરથી ચૂંટાયેલા ગોપાલ ઈટાલિયાને ગુજરાત વિધાનસભા અધ્યક્ષના ચેમ્બરમાં શપથગ્રહણ કરાવ્યા હતા. આ શપથગ્રહણ દરમિયાન ગુજરાતના મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો પણ ઉપસ્થીત રહ્યા હતા. કડીથી પેટાચૂંટણામાં જીત મેળવ્યા બાદ રાજેન્દ્ર ચાવડા અને તેમના કાર્યકરોમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

ગુજરાતની બે વિધાનસભા બેઠકોમાં વિસાવદરથી આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા અને કડી બેઠક પરથી ભાજપ નેતા રાજેન્દ્ર ચાવડાએ જીત મેળવી હતી. આ બંને



ધારાસભ્યોની આજે શપથવિધિ નક્કી કરવામા આવી હતી. આજે ૧૧ વાગ્યે સમર્થકોની ઉપસ્થિતિમાં ગોપાલ ઈટાલિયાએ શપથ લીધા હતા. આ અવસરે ઈસુદાન ગઢવી AAP ના ધારાસભ્યો અને ગોપાલ ઈટાલિયાના સમર્થકો અને મહામંત્રી મનોજ સોરઠીયા પણ ઉપસ્થિત રહ્યાં હતા. અત્યાર સુધી સચિવાલયમાં ગોપાલ ઈટાલિયાના પ્રવેશ પર હતી બંધી જ્યારે આજે તેમને માનપૂર્વક સચિવાલયમાં આવકાર્યા હતા.

તત્કાલિન ગૃહ રાજ્યમંત્રી પર જૂતું ફેંકીને અપમાન કરતા તેમને સચિવાલયમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદ્યો હતો. તાજેતરમાં તેઓએ મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ આપેલી ચેલેન્જને સ્વીકારી હતી. ચૂંટણી જીત્યા બાદ ગોપાલ ઈટાલિયા સતત ચર્ચામાં રહ્યાં છે.

### અભ્યાસક્રમમાં સમાવેશ કરવા પરિપત્ર જાહેર

# હવે સ્કૂલોમાં ભણાવવામાં આવશે રામાયણ અને ગીતા

## ૧૭,૦૦૦ સરકારી શાળાઓના અભ્યાસક્રમમાં ભગવદ ગીતા અને રામાયણનો સમાવેશ

દહેરાદુન, તા.૧૬

ઉત્તરાખંડની શાળાઓમાં બાળકોના અભ્યાસક્રમમાં કેટલાક ફેરફારો કરવામાં આવશે. આ માટે એક સૂચના જારી કરવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું હતું કે હવેથી શાળાઓમાં ભગવદ ગીતા અને રામાયણ પણ ભણાવવામાં આવશે. આ માહિતી ઉત્તરાખંડના શિક્ષણ મંત્રી ધન સિંહ રાવતે આપી છે. તેમણે જણાવ્યું હતું કે આ સૂચના લગભગ ૧૭,૦૦૦ સરકારી શાળાઓ માટે જારી કરવામાં આવી છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ સવારની પ્રાર્થના દરમિયાન શ્લોકોનું પાઠ કરશે.

ઉત્તરાખંડની શાળાઓના અભ્યાસક્રમમાં ફેરફારનું કામ NCERT ને સોંપવામાં આવ્યું છે. આ માટે, શિક્ષણ વિભાગે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સાથે પણ બેઠક યોજી છે. આ બેઠકમાં જ NCERT ને અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ભગવદ ગીતા અને રામાયણનો નવો અભ્યાસક્રમ ૧૭,૦૦૦ સરકારી શાળાઓમાં રાખવામાં આવશે. આ ઉપરાંત, એવું પણ કહેવામાં આવ્યું હતું કે સવારે થતી પ્રાર્થનામાં શાસ્ત્રોમાંથી શ્લોકોનું પણ પાઠ કરવામાં આવશે.'

### કોહલીએ મેમાં જ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું હતું

# વિરાટને ટેસ્ટમાંથી નિવૃત્તિ પાછી ખેંચવા મદનલાલની અપીલ

## કોહલીનો જુસ્સો, ફિટનેસ અને નેતૃત્વ ક્ષમતા હજુ પણ ટીમ ઇન્ડિયા માટે અમૂલ્ય છે

નવી દિલ્હી, તા.૧૬

ભારત લોર્ડ્સમાં હારી ગયું અને તે પણ ફક્ત ૨૨ રનથી. આ હારથી ભારતીય ચાહકોની સાથે સાથે દિગ્ગજો પણ નિરાશ થયા છે. એવામાં ૧૯૮૩ના વર્લ્ડ કપ વિજેતા અને ઓલરાઉન્ડર મદન લાલે ભૂતપૂર્વ ભારતીય ટેસ્ટ ક્રિકેટર વિરાટ કોહલીને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ પાછી ખેંચવા અપીલ કરી છે. મદનલાલ માને છે કે કોહલીનો જુસ્સો, ફિટનેસ અને નેતૃત્વ ક્ષમતા હજુ પણ ટીમ ઈન્ડિયા માટે અમૂલ્ય છે.

એક ઈન્ટરવ્યૂમાં વિરાટ કોહલી વિશે વાત કરતાં પૂર્વ દિગ્ગજ ખેલાડી મદનલાલ ભાવુક થઈ ગયા હતા અને કહ્યું કે, 'ભારતીય ક્રિકેટ પ્રત્યે વિરાટ કોહલીનો જુસ્સો અજોડ હતો. મારી દિલથી ઈચ્છા છે કે તે નિવૃત્તિ પછી ટેસ્ટ ક્રિકેટમાં પાછો ફરે. વાપસી કરવામાં કંઈ ખોટું નથી. જો આ સીરિઝમાં નહીં, તો આગામી સીરિઝમાં, વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં પાછા ફરવું જોઈએ. મારા મતે, તેણે નિવૃત્તિનો પોતાનો નિર્ણય બદલવો જોઈએ કારણ કે તે હજુ પણ એક કે બે વર્ષ સરળતાથી ભારત માટે રમી શકે છે. આ તમારા અનુભવને યુવાનો સુધી પહોંચાડવા વિશે છે. તું હમણાં જ ગયો છે. હજુ મોડું થયું નથી. કૃપા કરીને પાછો આવી જા.' જણાવી દઈએ કે વિરાટ કોહલીએ બે મહિના પહેલા જ એટલે કે મે મહિનામાં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. તેમના નિર્ણય બાદ, ઘણા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરોએ તેને નિવૃત્તિ પર પુનર્વિચાર કરવાની સલાહ આપી છે. બીસીસીઆઈએ પોતે કોહલીને નિવૃત્તિ ન લેવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે બન્યું નહીં.

લોર્ડ્સ ગ્રાઉન્ડ પર રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમને ૨૨ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. રવિન્દ્ર જાડેજાએ જસપ્રીત બુમરાહ અને પછી મોહમ્મદ સિરાજ સાથે અંત સુધી લડત આપી, તેમ છતાં ઈંગ્લૅન્ડ જીતી ગયું. જાડેજાએ ૧૮૧ બોલનો સામનો કર્યો અને ૬૧ રન બનાવ્યા બાદ અણનમ રહ્યો. તેણે બુમરાહ-સિરાજ સાથે કુલ ૨૧૨ બોલ રમ્યા.

જાડેજા લાંબા સમય સુધી ઈંગ્લૅન્ડ સામે મજબૂત રીતે ઊભો રહ્યો. પરંતુ બીજા છેડેથી અન્ય બેટર્સનો સહયોગ ન મળવાને કારણે, જાડેજા ટીમ ઈન્ડિયાની હાર રોકી શક્યો નહીં. લોર્ડ્સમાં મળેલી જીત સાથે ઈંગ્લૅન્ડે સીરિઝમાં ૨-૧ની લીડ પણ મેળવી લીધી છે.

### સુપ્રીમ કોર્ટની ચેતવણી

# જાતિ આધારિત રાજકારણ કરતા પક્ષો દેશ માટે ખતરનાક

## હિન્દુ નામ સાથે અને વેદ, પુરાણ, ઉપનિષદના શિક્ષણ માટે રાજકીય પક્ષ બનાવવાની અરજી કરવામાં આવે તો ચૂંટણી પંચ તેને ફગાવી દે છે

નવી દિલ્હી, તા.૧૬

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તોહાદુલ મુસલિમીન (AIMIM)ની રાજકીય પક્ષ તરીકે થયેલી નોંધણી રદ કરવા માટે થયેલી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. જો કે આ સાથે કોર્ટે નોંધ્યું હતું કે, જાતિ આધારિત રાજકારણ પર નિર્ભર રહેતા પક્ષો દેશ માટે તેટલા જ ખતરનાક છે. જસ્ટિસ સૂર્ય કાંત અને જોયમાલ્યા બાગચીની બેન્ચે નોંધ્યું હતું કે, AIMIMના બંધારણ મુજબ તેનો હેતુ સમાજના દરેક પછાત વર્ગ માટે કામ કરવાનો છે અને તેમાં લઘુમતીનો પણ સમાવેશ થાય છે. બંધારણે લઘુમતિને કેટલાક અધિકારો આપેલા છે અને AIMIMના ઘોષણાપત્ર અથવા બંધારણમાં પણ બંધારણે આપેલા અધિકારોનું જતન કરવાનો ધ્યેય છે. આમ, AIMIMનો હેતુ પણ બંધારણે સ્વીકારેલા ધ્યેયને અનુરૂપ છે. અરજદાર તરફથી એડવોકેટ વિષ્ણુ જૈને દલીલો કરી હતી. દિલ્હી હાઈકોર્ટ સમક્ષ અગાઉ તેમણે AIMIMની રાજકીય પક્ષ તરીકેની માન્યતા રદ કરવા અરજી કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું હતું કે, કેટલાક રાજકીય પક્ષો ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવાનું કે જાતિ આધારિત રાજકારણ રમવાનું ચૂકતા નથી અને આ દેશ માટે ખતરનાક છે. જો કે આ બાબતે સક્ષમ સત્તામંડળ સમક્ષ રજૂઆત થવી જોઈએ. અરજદાર ઈચ્છે તો આ મામલે કોઈ ચોક્કસ પક્ષ અથવા વ્યક્તિને નિશાન બનાવ્યા વગર જનરલ અરજી કરી શકે છે. અરજદાર તરફથી રજૂઆત થઈ હતી કે, AIMIM દ્વારા મુસ્લિમોમાં ઈસ્લામિક શિક્ષણને પ્રોત્સાહન આપવા અને શરિયા કાયદાના પાલન માટે જાગૃતિ લાવવાનું કામ પણ થાય છે. સુપ્રીમ કોર્ટે નોધ્યુ હતું કે, તેમાં કશું ખોટું નથી. વધુને વધુ રાજકીય પક્ષો દેશમાં શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરે તે આવકાર્ય છે. અરજદાર તરફથી રજૂઆત થઈ હતી કે, હિન્દુ નામ સાથે અને વેદ, પુરાણ, ઉપનિષદના શિક્ષણ માટે રાજકીય પક્ષ બનાવવાની અરજી કરવામાં આવે તો ચૂંટણી પંચ તેને ફગાવી દે છે.

### સરકારે ગ્રીન એનર્જીમાં રોકાણ માટે ૭૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા

# પીએમ ધન-ધાન્ય કૃષિ યોજના માટે ૨૪ હજાર કરોડની મંજૂરી

## આ યોજના હેઠળ, પાક વૈવિધ્યકરણ, ટકાઉ, આબોહવા-સ્થિતિસ્થાપક ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરાશે

નવી દિલ્હી, તા.૧૬

આજે બુધવારે મોદી સરકારની કેબિનેટ બેઠકમાં ત્રણ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાંથી એક ખેડૂતોના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં આજે કેબિનેટ બેઠકમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાના વાર્ષિક ખર્ચ સાથે પીએમ ધન-ધાન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી છે. જેમાં ૩૬ યોજનાઓનો સમાવેશ કરવામાં આવશે. તેમજ સરકારે ગ્રીન એનર્જીમાં રોકાણ માટે NLCIL(NLC India Limited) ને ૭,૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ ઉપરાંત શુભાંશુ શુક્લાના અંતરિક્ષ મિશન બાદ ભારતે પોતાનું અંતરિક્ષ મથક બનાવવા તરફ વધુ એક પગલું આગળ વધાર્યું છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ માં, નાણામંત્રી નિર્મલા સીતારમણે કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પીએમ ધન-ધાન્ય કૃષિ યોજનાની જાહેરાત કરી હતી, જેને હવે મંત્રીમંડળની મંજૂરી મળી ગઈ છે. આ યોજના હેઠળ, કૃષિ જિલ્લાઓનો વિકાસ કરવામાં આવશે. આ યોજના ઓછી ઉત્પાદકતા, પાકનું ઓછું વાવેતર અને સરેરાશથી ઓછી લોન ઉપલબ્ધતા ધરાવતા ૧૦૦ જિલ્લાઓને લક્ષ્ય બનાવશે.

ભારતીય કૃષિને આધુનિક બનાવવા માટે બહુપક્ષીય અભિગમ સાથે આ યોજના તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. આ યોજના હેઠળ, પાક વૈવિધ્યકરણ, ટકાઉ અને આબોહવા-સ્થિતિસ્થાપક ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઉપરાંત, લણણી પછીની સંગ્રહ ક્ષમતા વધારવા અને ટેકનોલોજી સુધારવા પર પણ ભાર મૂકવામાં આવશે. કેબિનેટે સૌર, પવન અને ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સમાં રોકાણ વધારવા માટે NTPC ની પેટાકંપની NTPC ગ્રીન એનર્જી લિમિટેડમાં રૂ. ૨૦,૦૦૦ કરોડના ઈક્વિટી રોકાણને મંજૂરી આપી છે. અત્યાર સુધીમાં, NTPC એ NGEL માં રૂ. ૭,૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. ગ્રીન એનર્જી પોર્ટફોલિયોમાં હાલમાં 6 GW કાર્યકારી ક્ષમતા અને 26 GW બાંધકામ હેઠળની ક્ષમતાનો સમાવેશ થાય છે. ૨૦૩૨ સુધીમાં તેને 60 GW સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. આ અંગે અશ્વિની વૈષ્ણવેએ પણ સ્પષ્ટ કર્યું કે, કેબિનેટે NTPC અને NLC ને આ ભંડોળ એકત્ર કરવા માટે મંજૂરી આપી છે. સરકારે તેના ઉર્જા ક્ષેત્રને વિસ્તૃત કરવા માટે રૂ. ૭,૦૦૦ કરોડના પેકેજને મંજૂરી આપી છે. આ રોકાણ NLC ઈન્ડિયા રિન્યુએબલ્સ લિમિટેડ (NIRL) ને ટેકો પૂરો પાડશે, જે નેવેલી લિગ્નાઈટ કોર્પોરેશન (NLC) ની સંપૂર્ણ માલિકીની શાખા છે. આ યોજના હેઠળ, રૂ. ૬,૨૬૩ કરોડની નવીનીકરણીય ઉર્જા સંપત્તિ NLC માંથી NIRL માં ટ્રાન્સફર કરવામાં આવશે.

મંત્રીમંડળની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આજે કેન્દ્રીય મંત્રીમંડળે ISS (આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક) માંથી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના પરત ફરવા અંગે ઠરાવ પસાર કર્યો છે. આ સમગ્ર દેશ માટે ગર્વ, ગૌરવ અને ખુશીનો પ્રસંગ છે. આજે મંત્રીમંડળ, દેશ સાથે મળીને ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને પૃથ્વી પર સફળ વાપસી બદલ અભિનંદન આપે છે. તેમણે આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક પર ૧૮ દિવસનું ઐતિહાસિક મિશન પૂર્ણ કર્યું છે. આ ભારતના અંતરિક્ષ કાર્યક્રમમાં એક નવો અધ્યાય છે. તે આપણા અંતરિક્ષ કાર્યક્રમના ભવિષ્યની સુવર્ણ ઝલક આપે છે. મંત્રીમંડળે જીઈના વૈજ્ઞાનિકો અને ઈજનેરોની સમગ્ર ટીમને આ ઐતિહાસિક સિદ્ધિ માટે અભિનંદન આપે છે.

### પહલગામ આતંકી હુમલામાં વધુ એક ખુલાસો

# આતંકવાદીઓએ નિર્દોષોની હત્યા કર્યા બાદ ઉજવણી કરી

## હુમલા પછી ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓએ ઉજવણીમાં હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું

જમ્મુ, તા.૧૬

પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાના એક સાક્ષીએ તપાસ એજન્સીઓને ચોંકાવનારા નિવેદનો આપ્યા છે જેમાં ૨૬ નિર્દોષ નાગરિકો માર્યા ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મુખ્ય સાક્ષીએ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને જણાવ્યું હતું કે હુમલા પછી ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓએ ઉજવણીમાં હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જમ્મુ અને કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓની મદદથી, NIA એ આ સ્થાનિક વ્યક્તિને શોધી કાઢ્યો, જેને હવે સ્ટાર પ્રોટેક્ટેડ સાક્ષીનો દરજ્જો આપવામાં આવ્યો છે. હુમલાની થોડી મિનિટો પછી જ તે આતંકવાદીઓ સામ-સામે આવી ગયા હતા.

એક અહેવાલમાં, તપાસ અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, સાક્ષીએ જણાવ્યું હતું કે આતંકવાદીઓએ તેને રોક્યો હતો અને કલમાનો પાઠ કરવાનું કહ્યું હતું. જ્યારે તેણે સ્થાનિક કાશ્મીરી ઉચ્ચારણમાં પાઠ કરવાનું શરૂ કર્યું, ત્યારે તેઓએ તેને છોડી દીધો અને તરત જ હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું. સાક્ષીના નિવેદનના આધારે, ઘટનાસ્થળેથી ચાર ખાલી કારતૂસ મળી આવ્યા છે, જે તે ઉજવણીના ગોળીબાર સાથે સંબંધિત છે. આ ઉપરાંત, સાક્ષીએ એમ પણ જણાવ્યું કે તેણે સ્થાનિક આરોપીઓ પરવેઝ અહમદ જોથર અને બશીર અહમદને એક ટેકરી પાસે ઉભા જોયા જ્યાં તેઓ આતંકવાદીઓનો સામાન સંભાળી રહ્યા હતા. બાદમાં આતંકવાદીઓ તે જ સામાન લઈને ત્યાંથી ચાલ્યા ગયા. ગયા મહિને, NIA એ આતંકવાદીઓને આશ્રય આપવા અને ટેકો આપવાના આરોપસર પરવેઝ અને બશીરની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓ ૨૧ એપ્રિલના રોજ બપોરે ૩:૩૦ વાગ્યે પરવેઝના ઘરે આવ્યા હતા. તેઓએ વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા, પર્યટન સ્થળો, માર્ગો અને સમયપત્રક વિશે માહિતી એકત્રિત કરવામાં ચાર કલાક લગાવ્યા. જતા સમયે, તેઓએ પરવેઝની પત્ની પાસેથી મસાલા અને ચોખા પેક કર્યા અને તેને ૫૦૦ રૂપિયાની પાંચ નોટો આપી. આ પછી, તેઓ બશીરને મળ્યા અને તેને ૨૨ એપ્રિલના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે ત્યાં પહોંચવાનું કહ્યું હતું.

સૂત્રો કહે છે કે આ હુમલામાં સામેલ એક આતંકવાદીની ઓળખ સુલેમાન શાહ તરીકે થઈ છે, જે ગયા વર્ષે એક ટનલ પ્રોજેક્ટમાં કામ કરતા ૭ કામદારોની હત્યામાં પણ સામેલ હતો. NIA હવે આ હુમલા પાછળના સમગ્ર નેટવર્ક, સ્થાનિક મદદગારો અને પાકિસ્તાની આતંકવાદી સંગઠનો સાથેના કનેક્શનની વિગતવાર તપાસ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, લશ્કર-એ-તૈયબા સાથેના કનેક્શનની પુષ્ટિ થઈ ચૂકી છે.

### આ સત્ર ૨૧ જુલાઈથી શરુ થશે

# ચોમાસુ સત્રમાં કુલ ૮ નવા બિલ રજૂ કરવા અને પસાર કરવાની તૈયારી

## કર, શિક્ષણ, રમતગમત અને ખનીજ નીતિ જેવા ક્ષેત્રોને લગતા બિલનો આ ચોમાસુ સત્રમાં સમાવેશ થાય છે

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકાર આગામી ચોમાસુ સત્રમાં કુલ ૮ નવા બિલ રજૂ કરવા અને પસાર કરવાની તૈયારી કરી રહી છે. આ સત્ર ૨૧ જુલાઈથી શરુ થશે અને હવે ૧૯ ઑગસ્ટ સુધી ચાલશે. અગાઉ ચોમાસું સત્ર ૧૨ ઑગસ્ટ સુધી ચાલવાનું હતું, જેને બાદમાં એક અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યું છે. લોકસભા સચિવાલયે જે મુખ્ય બિલો વિશે માહિતી આપી છે તેમાં કર, શિક્ષણ, રમતગમત અને ખનીજ નીતિ જેવા ક્ષેત્રોને લગતા બિલનો સમાવેશ થાય છે.

મોનસૂન સત્રમાં કેન્દ્ર સરકાર લોકસભામાં આ બિલો રજૂ કરે અને પસાર કરે તેવી અપેક્ષા છે

- મણિપુર જીએસટી (સુધારા) બિલ, ૨૦૨૫
- જાહેર ટ્રસ્ટ (જોગવાઈઓમાં સુધારો) બિલ, ૨૦૨૫
- ભારતીય વ્યવસ્થાપન સંસ્થા (સુધારા) બિલ, ૨૦૨૫
- કરવેરા કાયદા (સુધારા) બિલ, ૨૦૨૫
- ભૌગોલિક વારસા સ્થળો અને ભૂ-અવશેષો (સંરક્ષણ અને જાળવણી) બિલ, ૨૦૨૫
- ખાણ (વિકાસ અને નિયમન) સુધારા બિલ, ૨૦૨૫
- રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ, ૨૦૨૫
- રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) બિલ, ૨૦૨૫

આ બિલ લોકસભામાં પસાર થવાની અપેક્ષા છે

- ગોવા રાજ્યના વિધાનસભા મતવિસ્તારોમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વનું પુનર્ગઠન બિલ, ૨૦૨૪
- વેપારી શિપિંગ બિલ, ૨૦૨૪
- ભારતીય બંદરો બિલ, ૨૦૨૫
- આવક વેરા બિલ, ૨૦૨૫

કેન્દ્રીય સંસદીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ શરુ થશે અને ૧૨ ઑગસ્ટના રોજ સમાપ્ત થશે. જોકે, અગાઉ ૧૨ ઑગસ્ટે સત્ર પૂરું થવાનું હતું, પરંતુ હવે તેને એક અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યું છે. ત્રણ મહિનાથી વધુના વિરામ બાદ રાજ્યસભા અને લોકસભા બંનેની બેઠક ૨૧ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યે મળશે. આ પહેલાં, ૨૦૨૫નું પહેલું સંસદ સત્ર, એટલે કે બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીએ શરુ થયું હતું અને ૪ એપ્રિલે સમાપ્ત થયું હતું, જ્યારે બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા હતા.

ધારાસભ્યોને સંસદના આગામી ચોમાસુ સત્રના કાર્યક્રમ અને કામકાજના દિવસો વિશે ખાસ કરીને મેમ્બર્સ પોર્ટલ દ્વારા સમન્સ મોકલીને જાણ કરવામાં આવી હતી.

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો



લાયન્સ કલબ ઈન્ટરનેશનલ સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખિયા હનુમાન ટ્રસ્ટ તથા ભુરખિયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગ દ્વારા ૬૮મો વિનામૂલ્યે નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ભૂરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૬/૭/૨૫ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા તથા આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાંત ડોકટર દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૪૯ દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૩ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. જરૂરિયાતમંદ વ્યકિતઓના આંખના નંબર ચેક કરી ૨૬ વ્યકિતઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલિયા, લાયન એમ.એમ. પટેલ, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન ભદ્રેશસિંહ પરમાર તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. ગિરિશ ચિત્રોડા, કિર્તીભાઈ ભટ્ટ અને તેમની ટીમ તેમજ ભુરખિયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. તેમ લાયન્સ કબલ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી લાયન પરેશભાઈ કાનપરિયાની યાદી જણાવે છે.

### ગંભીરા પુલની દુર્ઘટના બાદ તંત્ર હરકતમાં

## રાજુલાનાં દાતરડી ગામનાં સામટીલા બ્રીજને બંધ કરવામાં આવ્યો

### સૌ કોઈને ૨ કિ.મી. ફરવા જવુ પડે છે



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૬

રાજુલા તાલુકા ના દાતરડી ગામનો સામટીલા બ્રિજ બંધ કરવામાં આવ્યો. ગંભીરા પુલના ધ્યાનમાં લઈને સરકાર દ્વારા જર્જરિત બ્રીજ હોય તેનો સર્વે કરવામાં આવ્યો અને ત્યારબાદ બિસ્માર બ્રિજ બંધ કરવામાં આવ્યા. ત્યારે આવો જ એક બ્રિજ રાજુલા તાલુકા નો દાતરડી ગામ વચ્ચે સામતિલ્લા બ્રિજ નદી પરનો પુલ આવેલ છે. તે બંને તરફથી બંધ કરવામાં આવેલ છે. તો આ પુલ ઉપરથી આજુબાજુના છ થી સાત ગામ કે વિકટર મજાદર, કથીવદર, વિસળીયા, વાંગર, સમઢીયાળા, પટવાખેરા ગામેથી વિધાર્થીને ભણતર માટે દાતરડી ગામે આવવા જવાનું હોવાથી વિધાર્થીને બે બે કિલોમીટર થી ચાલીને આવવું પડે છે અને આ વિસ્તાર પછાત વર્ગ હોવાથી આમ જનતાને મહુવા રાજુલા દવાખાના તેમજ વહીવટી કામ માટે જવા આવ માટે પ્રાઈવેટ વાહનમાં તગડુ ભાડુ ખર્ચીને જવું પડે છે. દાતરડી ગામે બે બેંક અને બે દવાખાના આવેલ છે. તો તેમાં આજુ બાજુના ગામના દર્દીઓને પણ આવવા જવામાં તકલીફ પડે છે અને અમદાવાદ, સુરત, વડોદરા જેવા શહેરમાં દાતરડી ગામ ને મોટી સંખ્યામાં વહેવાર સંકળાયેલ હોય તો તે શહેરોમાંથી આવતી પ્રાઈવેટ તથા એસ.ટી. બસોમાં વહેલી સવારે ૩ થી ૫ વાગ્યાના સમયમાં મહિલા વર્ગને એકલા દાતરડી ૨ કિમી દુર ઉતરવું પડે છે. તે જોખમી અને ગંભીર પ્રશ્ન છે. જો આ પુલને તાત્કાલિક શરૂ કરવામાં આવે અથવા લાંબા સમય સુધી બંધ રાખવામાં આવે તો પુલની બાજુમાં તંત્રને તદન નોર્મલ ખર્ચથી ડાયવર્ઝન થઈ શકે તેમ છે. આ જવાબદારીમાં જે તે તંત્ર આવતુ હોય તેના ઉચ અધિકારી દ્વારા તાત્કાલિક ડાઈવજન કરી અને આ દાતરડી ગામમાં તત્કાલ ધોરણે એસ.ટી અને પ્રાઈવેટ બસની અવરજવર શરૂ થાય તે માટે જે તે આવતા ડીપારમેન્ટને જાણ કરી આ પ્રશ્નનો તત્કાલ નિકાલ થાય તેવું આ દાતરડી ગામના ઘનશ્યામભાઈ સાવલિયા દ્વારા રાજુલાના ડેપ્યુટી કલેકટર, ધારાસભ્ય, મામલતદાર સહિતના તમામ અધિકારીઓને લેખિતમાં જાણ કરેલ છે અને આનો તાત્કાલિક નિર્ણય આવે તેવું આ અરજીમાં જણાવવામાં આવેલ છે.

## અમરેલીનાં નગરસેવકની કામગીરીથી શહેરીજનો ખુશ

અમરેલી, તા. ૧૬

અમરેલી સિધ્ધિ વિનાગક સોસાયટી રોડના ગણપતિ મંદિરના સાર્વજનીક પ્લોટમાં પાંચ લાઈટનાં પંજો ઘણા સમયથી બંધ હતો. રાત્રે બાળકો રમતા હોય ત્યારે જીવજંતુની બીક લાગતી હતી.

આ બાબતની ફરિયાદ નગરપાલિકા નગરસેવક સુરેશભાઈ શેખવાને કરતા નવો વાયર નખાઈને પંજો તથા અન્ય એક લાઈટ ચાલુ થઈ ગયેલ હોવાનું પ્રેમભાઈ અગ્રાવતે જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **સ્પીડ બ્રેકરને હટાવવા જરૂરી**

સ્પીડ બ્રેકર નિયમોની ઐસી–તૈસી કરીને બનાવાયા હોય દરરોજ સેંકડો વ્યકિતઓ પસાર થવામાં મુશ્કેલી અનુભવી રહયા છે.

તેવી જ રીતે માર્ગ–મકાન વિભાગ દ્વારા ગઈકાલે નુતન હાઈસ્કુલ નજીક બે સ્પીડ બ્રેકર એવી રીતે બનાવાયા છે કે રાત્રિના સમયે સ્પીડ બ્રેકર વાહન ચાલકને દેખાતા નથી સ્પીડ બ્રેકરની ગોળાઈ ઉંચાઈ તેમજ સફેદ પટ્ટા મારવાનાં નિયમોનો ખુલ્લે આમ ઉલાળ્યો કરવામાં આવ્યો હોય શહેરમાં આડેધડ અને મનફાવે તે રીતે બનાવાયેલ સ્પીડ બ્રેકરને હટાવીને નિયમ મુવજબ સ્પીડ બ્રેકર બનાવવામાં આવે તેવી માંગ શહેરનાં વાહન ચાલકો કરી રહયા છે.

પાના ૮ ઉપરનું ચાલું **3 યુવકોને 3–3 વર્ષની સજા**

દરમ્યાન અમરેલીમાં આવેલ સ્કુલથી માણેકપરા વિસ્તારમાં પોતાના ઘર તરફ જતી હોય ત્યારે અમરેલીમાં રહેતા અકીલ બીલખીયા, સાહીદ પરમાર, અજમલ પરમાર સહિત ચાર જેટલાં સડક છાપ રોમિયો આ તરૂણીનો પીછો કરી આ બંને વિદ્યાર્થીનીને પરેશાન કરવા માટે થઈ બાઈક રસ્તામાં આડા રાખી અવરોધ કરી, મોબાઈલ નંબરોની ચિઠ્ઠીઓના વિદ્યાર્થીની ઉપર ઘા કરી અને ફોન કરવા તથા જો ફોન નહી કરે તો આ બંને વિદ્યાર્થીનીઓ ઉપર એસિડ ફેંકવાની તથા જાનથી મારી નાખવાની તથા સમાજમાં બદનામ કરવાની ધમકીઓ આપી જાતીય સતામણી કરતાં હોય આ આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સ્પે.પી.પી. મમતાબેન ત્રિવેદીની દલીલોને માન્ય રાખી સ્પે.પોકસો કોર્ટના જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી અકીલ ઉર્ફે પપૈયો આરીફભાઈ બીલખીયા, સાહીદ જોકરભાઈ પરમાર તથા અજમલ આરીફભાઈ પરમાર સહિત ત્રણેય આરોપીને ત્રણ ત્રણ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨૦–૨૦ હજાર દંડની સજાનો હુકમ કર્યો હતો. જયારે ભોગ બનનાર બંને વિદ્યાર્થીઓને રૂપિયા ૨૪ – ૨૪ હજાર વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

### દેશના પાટનગર નવી દિલ્હી ખાતે

## કેન્દ્રીય સડક મંત્રી ગડકરી અને ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીની શુભેચ્છા મુલાકાત

### બંને આગેવાનોએ બંનેની કામગીરી અંગે સંતોષ વ્યકત કર્યો



અમરેલી, તા. ૧૬

સમગ્ર દેશની સડક અને પરિવહન યોજનાઓમા ગુજરાત અગ્રેસર રીતે જોડાયેલ છે, નેશનલ કોરીડોરનો વિશાળ લાભ ગુજરાત મેળવી રહેલ છે અને તેથી વિકાસમા ગુજરાત અવલ્લ છે એવા ગુજરાતના વિકાસથી સૌ કોઈ પ્રભાવિત છે તેમ આજરોજ નવિ દિલ્હી ખાતે કેન્દ્રીય સડક પરિવહન મંત્રી નિતિન ગડકરીએ સાથે શુભેચ્છા મૂલાકાતે પહોચેલા એનસીયુઆઈ, ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી સાથેની મૂલાકાતમા જણાવેલ હતું.

મુલાકાત દરમિયાન દિલીપ સંઘાણીએ ગુજરાતના વિકાસમા માર્ગ ક્ષમતા અને તેના દ્રારા કૃષિ પરિવહન પ્રવૃતિઓ સાથે કો–ઓપરેટિવ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા કાર્યો વિશે વિગતો આપી હતી. તેમણે કૃષિ ઉત્પાદકોના હિતમાં લેવાતા પગલા, ખાતર–બિજના વિતરણ વ્યવસ્થા તેમજ ટેકનોલોજીના ઉપયોગ થકી ખેડુત લાભ કેવી રીતે વધારવો તે અંગે ચર્ચા કરી હતી.

કેન્દ્રીય મંત્રીએ દિલીપ સંઘાણીને ભારતના કૃષિ ક્ષેત્રના વિકાસ માટે તેમજ સહકારી ચળવળના મજબુતીકરણ માટેના યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા અને ભાવિ યોજનાઓ માટે સહયોગની ખાતરી ઉચ્ચારી હતી તેમ અખબારી યાદીમાં જણાવેલ છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 108

**ધો. ૧૦ પુરક પરિક્ષા પાસને ધો. ૧૧ આર્ટસ – કોમર્સ – સાયંસ પ્રવેશ મળશે**

* ધો. ૧૧ સાયંસ ગર્લ્સ સ્કૂલ – બપોર
* ધો. ૧૧ સાયંસ મિશ્ર સ્કૂલ – સવાર
* ધો. ૧૧ સાયંસ EM સ્કૂલ – સવાર
* ધો. ૧૧ કોમર્સ ગર્લ્સ સ્કૂલ – બપોર
* ધો. ૧૧ કોમર્સ મિશ્ર સ્કૂલ – સવાર
* ધો. ૧૧ કોમર્સ EM સ્કૂલ – સવાર
* ધો. ૧૧ આર્ટસ ગર્લ્સ સ્કૂલ – બપોર
* ધો. ૧૧ આર્ટસ મિશ્ર સ્કૂલ – સવાર
* સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૬૯ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૨૭ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૨૮૦ | ૧૪૮૩ |
| ૫ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૪૧૮ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૭૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૦૦ | ૨૨૮૦ |
| ૮ | બાજરો | ૩૭૫ | ૩૭૮ |
| ૯ | જુવાર | ૩૧૦ | ૭૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૭૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૯ | ૫૭૫ |
| ૧૨ | મકાઈ | ૩૧૬ | ૪૧૧ |
| ૧૩ | મગ | ૧૦૦૦ | ૧૩૯૯ |
| ૧૪ | અડદ | ૭૨૫ | ૧૩૦૦ |
| ૧૫ | ચણા | ૮૪૦ | ૧૧૪૫ |
| ૧૬ | સફેદ ચણા | ૯૧૦ | ૧૧૧૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૮ | તુવેર | ૧૦૦૧ | ૧૨૮૦ |
| ૧૯ | કપાસ | ૮૦૦ | ૧૬૮૪ |
| ૨૦ | એરંડા | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૨૧ | જીરૂ | ૨૮૬૦ | ૩૫૦૦ |
| ૨૨ | ધાણી | ૧૦૦૦ | ૧૩૫૬ |
| ૨૩ | અજમા | ૯૭૪ | ૧૬૦૫ |
| ૨૪ | મેથી | ૮૧૫ | ૯૦૦ |
| ૨૫ | સોયાબીન | ૬૦૦ | ૮૧૨ |
| ૨૭ | કાંગ | ૪૯૦ | ૬૦૦ |
| ૨૮ | કલોંજી | ૩૩૦૦ | ૩૩૦૦ |


**''અમરેલી એક્સપ્રેસ''**
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૫ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૯૨૫ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૭૬ | ૪૭૬ |
| ૪ | ચણા | ૧૧૧૯ | ૧૧૨૧ |
| ૫ | મગ | ૧૧૭૦ | ૧૩૪૦ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૩૬૫ |
| ૭ | સોયાબીન | ૬૧૧ | ૭૬૫ |
| ૮ | તલ કાળા | ૩૩૧૧ | ૩૮૬૦ |
| ૯ | તલ સફેદ | ૧૩૪૦ | ૧૪૧૧ |
| ૧૦ | તુવેર | ૭૦૦ | ૧૦૬૫ |
| ૧૧ | દાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૭૫૦ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૩૮૦૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૬૬૬ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૫ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૭૫૮ |
| ૧૦ | મગ | ૧૦૫૦ | ૧૪૨૧ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૮ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૨૨૧ |
| ૧૩ | સોયાબીન | ૭૦૦ | ૭૩૦ |

**એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૩૫/૨૦૨૫

**અરજદાર :** શ્રી સુમીતાબેન નાથાભાઈ ગળિયા,
વા / ઓ – નનુભાઈ ડુંગરભાઈ પરમાર,
રહે. આદર્શ વિદ્યાલય પાસે,અમરપરા,તા.બગસરા,જી.અમરેલી– ૩૬૫૪૪૦

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા કચેરી, મુ.અમરેલી, તા./ જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી શહેરમાં **સુમીતાબેન નાથાભાઈ ગળિયાએ** તેમનો **જન્મ (તા.૦૧/૦૧/૧૯૭૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૦૬–૦૬–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**(એચ.એમ.તલાટી)**
**એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૭ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૦૦ |
| ૩ | ચણા | ૮૦૦ | ૧૦૯૪ |
| ૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૫ | સોયાબીન | ૬૫૦ | ૭૮૦ |
| ૬ | મેથી | ૬૫૦ | ૬૫૦ |
| ૭ | જુવાર | ૩૦૦ | ૭૦૦ |
| ૮ | ધાણા | ૧૧૭૦ | ૧૩૨૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૪૦ | ૧૪૫૫ |
| ૧૦ | મગફળી | ૯૫૦ | ૧૦૧૨ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૩૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૫ | ૧૬૯૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૧૦૬૫ | ૧૦૮૫ |
| ૪ | જીરૂ | ૨૮૯૦ | ૩૫૬૦ |
| ૫ | ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| ૬ | મગ | ૧૨૭૦ | ૧૪૫૦ |
| ૭ | તલ સફેદ | ૧૫૬૦ | ૧૯૦૦ |
| ૮ | તલ કાળા | ૨૫૩૦ | ૩૫૦૦ |
| ૯ | ચણા | ૧૦૫૨ | ૧૧૧૮ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૫૧ | ૯૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૫૧ | ૧૯૮૦ |
| ૩ | તલ કાળા | ૨૫૦૧ | ૩૨૫૧ |
| ૪ | તલ પીળા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૬ | બાજરો | ૩૯૦ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૧૪ |
| ૮ | જુવાર | ૪૭૧ | ૯૩૧ |
| ૯ | મગ | ૧૪૭૦ | ૧૪૭૬ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | તુવેર | ૧૨૭૧ | ૧૨૭૧ |


### દાતાઓના સહયોગથી સુંદર આયોજન કરાયુ

# ચલાલા ખાતે આગામી ૮મી ફેબ્રુઆરીએ ગાયત્રી પરિવાર દ્વારા સમુહ લગ્નોત્સવ યોજાશે

**૧૩૦ ઉપરાંતની વસ્તુઓ કરિયાવરરૂપે અપાશે**

ચલાલા, તા. ૧૬

અમરેલીજિલ્લાના ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોઠ, ચલાલાખાતે૨૨માંસર્વજ્ઞાતિય–સર્વધર્મ સમુહ લગ્નોત્સવ તા. ૮/૨/૨૦૨૫ રવિવારના યોજાનાર છે. જેમાં સંતો–મહંતોરૂડાઆશીર્વાદઆપશે. આ સમુહ લગ્નોત્સવમાં જોડાનાર દરેક દિકરીઓનેજુદા–જુદાદાતાઓતરફથી ૧૩૦ ઉપરાંત વસ્તુઓ કરિયાવર રૂપે આપવામાં આવશે. વિદેશથી ખાસ મહેમાનોઉપસ્થિતરહેશે. આવેલતમામ મહેમાનો માટે ભોજન સહિત ઉતારાની



સુંદર વ્યવસ્થા કરવામાં આવશે.

લગ્નનીતારીખ૮/૨/૨૦૨૫ રવિવાર ગરીબ અને જરૂરિયાતમંદ દિકરીઓ માટે દાતાઓ તરફથી દાન તથા કરિયાવર માટે વસ્તુ પણ આવકાર્ય છે. કન્યાની ઉમર ૧૮ વર્ષ અને વરરાજાનીઉમર૨૧ વર્ષપૂર્ણથયેલહોવી જોઈએ. આ સમુહ લગ્નોત્સવમાં જોડાવામાટેવરકન્યાનાજન્મતારીખના ઓરીજનલ દાખલા, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટા–૨, વાલીના આધારકાર્ડ વગેરે જરૂરી કાગળો લઈ વહેલા તે પહેલાના ધોરણે સંસ્થા પર આવીને લગ્નની નોંધણી કરાવવા જણાવાયુંછે. સંપર્કપુ. સંતડો. રતિદાદા, મો. ૯૩૧૩૭ ૦૭૩૯૦, ૯૪૨૭૪ ૯૧૦૯૭.

### દરિયાકાંઠા વિસ્તારને વધારાની સુવિધા મળશે

# અરે વાહ : સરાડીયા–વાંસજાળિયા વચ્ચે નવી રેલ્વે લાઈન સર્વેની મંજુરી

**સોમનાથ–દ્વારકા–પોરબંદરને જોડતો ટુંકો માર્ગ ઉપલબ્ધ થશે**

અમરેલી, તા. ૧૬

રેલવે બોર્ડે પશ્ચિમ રેલવે ઝોન હેઠળ ગુજરાત રાજયમાં સરાડીયા–વાંસજાળિયા નવી લાઈન માટે ફાઈનલ લોકેશન સર્વે (એફએસએલ) ને મંજૂરી આપી છે. ભારત સરકારના શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડા. મનસુખ માંડવિયાના પ્રયાસોને કારણે સરાડીયા–વાંસજાલિયા નવી લાઈનના અંતિમ સ્થાન સર્વેને મંજૂરી આપવામાં આવી છે. સરાડીયા–વાંસજાળિયા વચ્ચેની લાઈન ૪૫ કિમી લાંબી છે.

આ લાઈન શરૂ થવાથી ગુજરાતના સૌરાષ્ટ્રના દૂરના વિસ્તારોમાં એદ્યોગિક, સામાજિક અને આર્થિક વિકાસ થશે. આ વિસ્તાર ભારતીય રેલવેના મુખ્ય પ્રવાહ સાથે



જોડાશે, જેનાથી અહીંના લોકોને રેલવે દ્વારા દેશના અન્ય વિસ્તારોમાં મુસાફરી કરવાની સુવિધા મળશે. સોમનાથ– દ્વારકા– ઓખા– પોરબંદરને જોડતો એક વધારાનો અને ટૂંકો માર્ગ ઉપલબ્ધ થશે. આ લાઈન ગિરનાર, સોમનાથ અને દ્વારકા જેવા તીર્થસ્થળો માટે વધારાનો માર્ગ પૂરો પાડશે. આ લાઈન ભારતીય રેલવેના સિદ્ધાંતોને અનુરૂપ સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપશે.

સરાડીયા ગામ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં આવેલું છે. વાંસજાળિયા રેલવે સ્ટેશન ગુજરાત રાજયના જામનગર જિલ્લામાં આવેલું એક રેલવે સ્ટેશન છે. તે પોરબંદરથી ૩૪ કિમી દૂર છે. પેસેન્જર અને એક્સપ્રેસ ટ્રેનો અહીં રોકાય છે.

### નેપાળનાં પોખરા ખાતે સ્પર્ધા યોજાઈ

# કતારગામ : ગજેરા શૈક્ષણિક સંકુલની ટીમ લંગડી ઈન્ટરનેશનલ સિરીઝમાં અગ્રેસર

**ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા દ્વારા ખેલાડીઓનું બહુમાન**

અમરેલી, તા. ૧૬

ગત તા. ૬ જુલાઈ ૨૦૨૫ દરમિયાન યોજાયેલ ''ઈન્ટરનેશનલ લંગડી સ્પર્ધા નેપાળ''નાં (પોખરા) મુકામે યોજાય હતી. જેમાં બે વિભાગ રાખવામાં આવ્યા હતા. બોયસ અને ગર્લ્સ આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લઈ ખુબ જ ઉત્સાહપૂર્વક રમત રમી વિજેતા થયા છે. સૌથી મહત્વની અને શાળાને ગૌરવ અપાવનાર વાત તો એ છે કે ઈન્ડિયાના બોયસ ટીમના કેપ્ટન તરીકે શાળાનો વિદ્યાર્થી પટેલ આયુષ જે ધોરણ–૧૨ કોમર્સમાં અભ્યાસ કરે છે. તેમનું પ્રભુત્વ આખી મેચ દરમિયાન આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ સાથે અન્ય વિદ્યાર્થીઓ જેમ કે વિરડીયા વાસુ,



ચાંદપરા પરી, પીપલીયા મનસ્વી, વસ્તરપરા દ્રષ્ટ્રી , મિયાણી ક્રિષા જે ગજેરા વિદ્યાભવનનાં વિદ્યાર્થીઓ આપણી શાળાના જ ગૌરવંતા વિદ્યાર્થીઓ છે. આ તમામ વિદ્યાર્થીઓએ શાળા ઉપરાંત ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે. આ તમામને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા. શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા ધ્વારા એમનું બહુમાન કરવામાં આવ્યું. આ તમામને તૈયારી કરાવનાર પીટી શિક્ષક કલ્પનાબેન બ્રહ્મભટ્ટને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા. સમગ્ર ટીમને ટ્રોફી અર્પણ કરી નવાજવમાં આવ્યા.

### ચાલો આપણા ગામને સ્વચ્છતામાં અવ્વલ નંબરે લાવીએ

# અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં થશે સ્વચ્છતાનો સર્વે

**આવી રહ્યુ છે ''સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામિણ–૨૦૨૫''**

અમરેલી, તા. ૧૬

ભારત સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતાના વિવિધ ઘટકોનો રૂબરૂ પરિચય મેળવી, પરીક્ષણ સર્વેક્ષણ હાથ ધરાવમાં આવનાર છે. જેમાં થર્ડ પાર્ટી શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, મંદિર, જાહેર જગ્યા, શાક માર્કેટ, જાહેર રસ્તા, ગ્રામ પંચાયત કચેરી, વ્યકિતગત અને સામુહિક પ્રતિભાવો, વ્યકિતગત અને સામુહિક સ્વચ્છતા, ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન વિગેરેનું મુલ્યાંકન કરી ગામમાં સ્વચ્છતાનું સર્વેક્ષણ હાથ ધરનાર હોય આપણા ગામને હકારાત્મક અભિગમ સાથે અવ્વલ નંબર અપાવવા કટીબધ્ધ થઈએ. આવનાર ટીમ દ્વારા વ્યકિતગત સામુહિક શૌચાલય, વ્યકિતગત સામુહિક કમ્પોસ્ટ પીટ અને સોકપીટ, શેગ્રીગેશન શેડ, ડોર ટુ ડોર કચરાનું એકત્રિકરણ અને વિભાજન, પ્લાસ્ટીક કચરાનું એકત્રિકરણ અને વિભાજન, ગોબરગેસ, હેન્ડ વોશીંગ, સ્વચ્છતા બાબતે પ્રચાર–પ્રસાર અને જાગૃતતા વિગેરે પર ભાર આપનાર હોય તમામનો વૈણાનિક ઢબથી ઉપયોગ અને નિકાલ થાય તે સુનિશ્ચિત કરશો. આપના મોબાઈલમાં પ્લેસ્ટોરમાંથી એસ.એસ.જી–૨૦૨૫ એપ્લીકેશન ડાઉનલોડ કરી સરળ ભાષામાં વધુમાં વધુ પ્રતિભાવ આપી ગામ, તાલુકા, જિલ્લાને મોખરાનાં સ્થાન મેળવવા જિલ્લા વહીવટી તંત્ર આહવાન કરે છે.

તો ચાલો સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણમાં ભાગ લઈએ, આપણા ગામને નંબર ૧ બનાવીએ.

# ૧૭ જુલાઈ, 'વર્લ્ડ ડે ફોર ઇંટરનેશનલ જસ્ટીસ' જસ્ટીસ ડીલેયડ ઈઝ જસ્ટીસ ડીનાઈડ



અમરેલી, તા. ૧૬

''વર્લ્ડ ડે ફોર ઈટરનેશનલ જસ્ટીસ'' દર વર્ષે ૧૭જુલાઈનાં દિવસે ઉજવવામાં આવે છે. તેને ''ઈટરનેશનલ ક્રિમીનલ જસ્ટીસ ડે'' અથવા ''ઈટરનેશનલ જસ્ટીસ ડે'' પણ કહેવાય છે. આ ન્યાયનો દિવસ છે. મુખ્યત્વે સમગ્ર વિશ્વમાં ન્યાય માટેની જાગૃતતા ફેલાય તે હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે. ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા, લિંગ કે શારીરિક જાતિ ભેદ વગેરે વિષયો પર અનિચ્છનીય પ્રકારે ચાલી રહેતી તમામ બાબતોની વિરોધ કરવા તેમજ ન્યાય મેળવવાનાં હેતુથી સમગ્ર સૃષ્ટિને જાગૃત કરવાનો આ દિવસ છે. સમગ્ર વિશ્વમાં શાંતિ અને આનંદ અવિરત રહે તે માટે સર્વે એકત્ર થઈને ન્યાયની માંગણી કરે છે. ન્યાય વિષે જો ઊંડાણમાં અભ્યાસ કરીએ તો ભારતનાં બંધારણમાં મનુષ્યને મુળભુત અધિકારો આપ્યા છે. સ્વતંત્રતા, સમાનતા, શિક્ષણ મેળવવાનો અધિકાર જેવા અધિકારોનો માણસ સર્વ રીતે ઉપયોગ કરે છે. પરંતુ સૃષ્ટિમાં માત્ર મનુષ્ય જ નથી રહેતા એ વાત ખાસ નોંધી લેવા જેવી છે. મનુષ્ય સાથે સૃષ્ટિમાં પશુ, પંખી, પ્રાણી તમામ એકીસાથે વસવાટ કરે છે. આ તમામ મનુષ્યની સાથે સાથે જ સૃષ્ટિને ચલાવવામાં કોઈ ન કોઈ રીતે નિમિત બને છે. વળી મનુષ્યનું તો અસ્તિત્વ જ પશુ પક્ષીઓ પાસેથી મળી રહેતી સાધન સામગ્રીઓથી જ ટકી રહ્યો છે. આવા સમયે માણસની માફક તેઓ પણ ન્યાયનાં એટલા જ અધિકારી છે. તેવું કહેવું જરા પણ અતિશયોકિત ભર્યુ નથી. મનુષ્યનો જેમ આ જીવન પર અધિકાર છે. તેમ પશુ, પક્ષી, પ્રાણીઓનો પણ છે. અહીં સહજીવનનો સિધ્ધાંત કાર્ય છે. કોઈ ન કોઈ રીતે જોવા જઈએ તો એ બાબત સત્ય જ છે. માનવ જાતની ખુબ મોટી ગંભીર ભુલો છે. જેનાં કારણે કોરોના જેવી બીમારીઓ અસ્તિત્વમાં આવી છે. માટે વર્તમાન સમયથી જ માણસે સમગ્ર સૃષ્ટિનું જતન કરવું જ રહ્યું. આ 'વિશ્વ ન્યાય દિવસ' પર ગરીબી, બેરોજગારી, નિરક્ષમતા જેવા દુષણોને દુર કરવાની સાથે સાથે માણસની અંદર રહેલા દુષણોનો પણ સંહાર કરીને આત્માને ન્યાય આપવાની શરૂઆત કરીએ. સમગ્ર સૃષ્ટિ એક છે. વિશ્વનાં બધા જ પ્રાણીઓ જીવન માટે એકમેક પર આધાર રાખે છે. માટે સૌનું રક્ષણ કરીએ અને પાપ, પુણ્ય જેવા સીમાડાઓથી દુર રહીને આત્માને સંતોષ આપતા કાર્યો કરીએ. જેથી સાચા અર્થમાં ન્યાય આપીને ન્યાય મેળવી શકીએ.

– મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સાવરકુંડલામાં એન.એસ.એસ. અંતર્ગત વનડે કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૬

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આટર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા આજરોજ તા.૧૬/૭/૨૫ના રોજ એન.એસ.એસ.નો વન–ડે કેમ્પ યોજાયો જેમાં કોલેજની સ્વયંસેવિકા બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. કોલેજનું મેદાન, બધી જ ઓફિસો, કલાસ રૂમ, પ્રાર્થના હોલ, લાઈબ્રેરી, કોમ્પ્યુટર લેબ, વગેરેની સફાઈ હાથ ધરવામાં આવેલ હતી. કોલેજના આચાર્ય ચાવડાના નેતૃત્વ હેઠળ અને સમગ્ર સ્ટાફ મિત્રો પ્રા.છાયાબેન શાહ, ડો. પ્રતિમાબેન શુકલ, ડો. રૂકસાનાબેન કુરેશી, ડો.કે.પી. વાળા, પ્રા. ખુશ્બુબેન બગડા, પ્રા. નયનાબેન કાપડિયા, લાઈબ્રેરીયન ડો. જાગૃતિબેન રાઠોડ, કોમ્પ્યુટર ટેકિનશિયન જીજ્ઞાબેન બગડા, પ્યુન અન્તુભાઈ બગડા, કાસમભાઈ શેખાણી તથા સુખીબેન વગેરે સૌએ આ કાર્યને સફળ બનાવવામાં ખૂબ જ મહેનત ઉઠાવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો. હરીતાબેન જોષીએ કરેલ હતું. કાર્યક્રમ પૂર્ણ થયે સૌએ સાથે અલ્પાહાર લીધેલ હતો.

# અમરેલી : પાંજરાપોળ ગૌશાળાનાં પશુ ધનને લાપસી વિતરણ

અમરેલી, તા. ૧૬

પાંજરાપોળ ગૌશાળાના એક હજારથી અધિક ગૌશાળા ગૌવંશ અને અન્ય પશુઓને સ્વ. મોહનભાઈ રામજીભાઈ પારેખની પ્રથમ પુણ્યતીથી નિમિત્તે વિજયભાઈ અને પરેશભાઈ (મુંબઈ) તરફથી ભાવતા ભોજન લાપસી અંદાજે ૧૦૦૦ કિલો આપવામાં આવેલ.

રોટરી કલબ ગીર અમરેલી નવા વરાયેલ પ્રમુભાઈ રઘુભાઈ ભટ્ટ તથા નિરવ ઝીંઝુવાડીયા તેમજ ગોવિંદભાઈ ગોંડલિયા, અનિલભાઈ કાણકીયા, તેજસ ત્રિવેદી, સાવરકુંડલા વિપુલ રાણપરીયા, ટાવર ચોક ચેરીટી ટ્રસ્ટના હિતેશભાઈ પોપટ, હિતેષભાઈ આડતીયા, આનંદ પોપટ, કૈલાશભાઈ પારેખ, બીપીનભાઈ સોની, પરેશભાઈ સોની વિગેરેની ઉપસ્થિતિમાં ગૌ પુજન તથા દિપ પ્રાગટય કરેલ. ગોવિંદભાઈ ૯૦ વર્ષથી ચાલતી ગૌશાળાની કામગીરીનાં વિસ્તાર પુર્વક વર્ણન કરી કામગીરી અંગે સંતોષ વ્યકત કરી પોતાને ગૌમાતાના દર્શન સાથે લાપસી ખવડાવવામાં હાજર રહ્યાનો સંતોષ વ્યકત કરી ગૌશાળ ાના અનુદાન આપવા અનુરોધક કરેલ.

સમગ્ર સંચાલન ટ્રસ્ટના ટ્રસ્ટી દિલીપભાઈ પરીખે કરેલ. આ સાથ ગૌશાળામાં સંચાલનમાં પડતી મુશ્કેલી, જર્જીત સ્ટાફ કલાટર્સ અને ૧૨૦૦૦/– રૂા.ની યોજના એક ગાય દત્તક કરી વિગેરે સવિસ્તાર વર્ણન કરી સમજાવેલ બાદમાં દરેકનો આભાર માનવામાં આવેલ. મહેમાનોએ ૧૦૦૦ કરતા વધુ ગૌમાતાના દર્શન કરી સંતોષ વ્યકત કરેલ.

### ''૨૧ ઓગસ્ટ સુધી આકાશમાં ડેલ્ટા–એક્વેરીડ્સ ઉલ્કા વર્ષાનો નજારો''

# રાજકોટ : ''મધ્યરાત્રિથી ડેલ્ટા–એકવેરીડ્સ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો''

**દુનિયાભરમાં ૩૦ દિવસ સુધી અવકાશમાં ઉલ્કા વર્ષાનો અદ્દભૂત નજારો જોવા મળશે**

અમરેલી, તા. ૧૬

અમદાવાદ : દુનિયાભરમાં લોકોએ મે માસમાં ઈટા–એકવેરીડસ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૬૦ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કા વર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં આજથી ૩૧મી જુલાઈ અને ૨૧મી ઓગસ્ટ સુધી ડેલ્ટા–એકવેરીડ્સ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી પૂર્ણ કરી દીધી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કા વર્ષાનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. વરસાદી વાદળા હશે ત્યાં જોવા મળશે નહિ, સ્વચ્છ આકાશમાં જોવા મળ શે.



જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે મધ્યરાત્રિ બાદ ડેલ્ટા–એકવેરીડ્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. જુલાઈ તા. ૨૯, ૩૦ અને તા. ૩૧ના રોજ તથા ઓગસ્ટના અમુક દિવસોમાં આકાશમાં ઉલ્કા વર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં ૫૦ ઉલ્કા વર્ષા જોવા મળશે. આકાશમાં ઉલ્કા જોવા મળશે. ઉલ્કા આકાશમાં જ એક–બે સેકન્ડમાં બળીને રાખ થઈ જાય છે.

વધુમાં પંડયાએ જણાવ્યું કે ડેલ્ટા–એકવેરીડ્સ ઉલ્કા વર્ષાની મહત્તમ દિવસ ચારથી પાંચ હોય છે. મોડી રાતથી પરોઢ સુધી સ્વચ્છ આકાશમાં ઉલ્કા વર્ષા જોઈ શકાય છે. જુલાઈના અંતથી ઓગસ્ટના અમુક દિવસો સુધી ક્રમશઃ ઉલ્કા જોઈ શકાશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરભંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તે જ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ – અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળ છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર–પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોના સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. ઉલ્કાનો નજારો જોવામાં ઘણીવાર નિરાશા સાપડે છે. સૂર્યપ્રકાશમાં પડે તે જોઈ શકાતી નથી. રાત્રીના નરી આંખે જોઈ શકાય છે.

વધુમાં પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસે સૂર્યપ્રકાશના કારણે પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરિક્ષણ જરૂરી છે. ડેલ્ટા–એકવેરીડ્સ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કા વર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને આકાશ તરફ નજર કરતા થાય. ખગોળીય ઘટનાનો અહેસાસ કરવા માનસમાં વાત મુકવી જેથી અવકાશી ઘટના તરફ લાવવા માટે રાજયભરમાં આયોજન જિલ્લા મથકોમાં અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, બોટાદ, ભાવનગર, ગિર સોમનાથ, જુનાગઢ , પોરબંદર, દેવીભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ–ભુજ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, અંકલેશ્વર, વડોદરા, નડીયાદ, આણંદ, ખેડા, તાપી, વ્યારા, ડાંગ–આહવા, દાહોદ, મહીસાગર, ગોધરા, નર્મદા, છોટા ઉદયપુર, અરવલ્લી સહિત નજારો જોવા સંબંધી અભિયાન ચાલી રહ્યું છે.

ઉલ્કા વર્ષા નજારા માટે વ્યવસ્થામાં અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, નિર્ભય જોશી, રાજુ યાદવ, અમિત ડાભી, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાનુબેન ગોહિલ, ભક્તિબેન રાજગોર, એડવોકેટ ભાવનાબેન વાઘેલા સહિત કાર્યકરો કરી રહ્યા છે.

વિશેષ માહિતી માટે મો. ૯૮૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### બિસ્માર પુલની સમસ્યા હોવાથી

# અમરેલી પંથકમાંથી પસાર થતાં તમામ પ્રકારના વાહનોનાં રૂટમાં ફેરફાર કરાયો

**વહીવટીતંત્ર દ્વારા નવા રૂટ જાહેર કરવામાં આવ્યા**

અમરેલી, તા. ૧૬

અમરેલી, તા.૧૬ જુલાઈ, ૨૦૨૫ (બુધવાર) અમરેલી–ગાવડકા નેશનલ હાઈવે નં. ૩૫૧, ઠેબી નદી પરનો પુલ ખરાબ સ્થિતિમાં હોય આથી અહીંથી પસાર થતા તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક રૂટને લઈને અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જાહેર થયેલ વૈકલ્પિક રૂટ મુજબ સાવરકુંડલાથી બગસરા તરફ જતાં તમામ વાહનોએ એન.એચ પરથી ફતેપુર–વિઠ્ઠલપુર થઈ ગાવડકા ચોકડી (એન.એચ)–બગસરા રોડ પરથી પસાર થવું. બગસરા તરફથી સાવરકુંડલા, અમરેલી તરફ આવતા તમામ ભારે વાહનોએ ગાવડકા ચોકડી (એન.એચ)– થઈ વિઠ્ઠલપુર–ફતેપુર થઈ એન.એચ. રોડ પરથી પસાર થવું. સાવરકુંડલાથી બગસરા તરફ જતા નાના વાહનોએ અમરેલી સિટીમાંથી પસાર થઈને જેસીંગપરા થઈ રાધેશ્યામ સર્કલથી બગસરા તથા બગસરા તરફથી સાવરકુંડલા, અમરેલી તરફ આવતા નાના વાહનોએ રાધેશ્યામ સર્કલથી જેસીંગપરા થઈ અમરેલી સિટીમાંથી પસાર થવું.

સાવરકુંડલાથી બગસરા તરફ જતા નાના વાહનોએ અમરેલી સિટીમાંથી પસાર થઈને જેસીંગપરા થઈ રાધેશ્યામ સર્કલથી બગસરા તથા બગસરા તરફથી સાવરકુંડલા, અમરેલી તરફ આવતા નાના વાહનોએ રાધેશ્યામ સર્કલથી જેસિંગપરા થઈ અમરેલી સિટીમાંથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામુ, તા.૧૬.૦૭.૨૦૨૫ થી પુલ નવો ન બને ત્યાં સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ –૧૯૫૧ ની કલમ–૧૩૧ અન્વયે શિક્ષાપાત્ર ઠરશે.

# બગસરામાં ભાજપ અગ્રણી એ.વી. રીબડીયાનાં જન્મદિનની ઉજવણી



બગસરા, તા. ૧૬

બગસરામાં ઓક્સિજન ગ્રુપ દ્વારા મહેશ માંડલિયા મહાવીર ચશ્મા ઘર શશીકાંતભાઈ માંજની, કલ્પેશભાઈ વિજયભાઈ સોજીત્રા, નંદલાલભાઈ હિંગુ ઓક્સિજન ગ્રુપ મિત્ર સર્કલ દ્વારા નગરપાલિકા પ્રમુખ પતિ એવી રીબડીયાને જન્મદિવસ કેક કાપીને મનાવવામાં આવ્યો હતો.





# ગંભીરા પુલની દુર્ઘટનાએ તમામ બિસ્માર પુલ ઉજાગર કર્યા

# અંતે નાના માચીયાળાનાં પુલ ઉપર ભારે વાહનો માટે પ્રતિબંધ

**અમરેલીથી બાબરા તરફ આવનજાવન કરતાં ભારે વાહનો માટે વૈકલ્પિક રૂટ જાહેર કરાયો**


**અમરેલી બાયપાસ પરથી લાઠી ચોકડી થઈને લાઠી-ચાવંડ થઈ બાબરા માટે અવરજવર કરવી**

**અંદાજિત ૪૩ વર્ષ પહેલા બનેલ પુલ ઉપર ભારે વાહનોને પસાર થવું અતિ જોખમી**

**૩૧ ડિસેમ્બર સુધી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું**







અમરેલી, તા. ૧૬

અમરેલી-બાબરા નેશનલ હાઈવે પર આવેલ નાના માચીયાળા ગામ પાસે આવેલ પુલની સ્થિતિ નબળી હોય અહીંથી પસાર થતા તમામ પ્રકારના ભારે વાહનો માટે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જાહેર કરવામાં આવેલ વૈકલ્પિક રૂટ મુજબ અમરેલીથી બાબરા તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનોએ અમરેલી બાયપાસ પરથી લાઠી ચોકડી થઈને લાઠી-ચાવંડ રોડ થઈ બાબરા રોડ પરથી પસાર થવાનું રહેશે. બાબરાથી અમરેલી તરફ આવતા તમામ પ્રકારના ભારે વાહનોએ બાબરા-ચાવંડ-લાઠી-અમરેલી રોડ પરથી પસાર થવું.

આ જાહેરનામુ તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાપાત્ર ઠરશે.






## સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં જજ શ્રી ડી.એસ. વાસ્તવ દ્વારા સજાનો હુકમ

# અમરેલીમાં ૬ વર્ષ પહેલા ૨ વિદ્યાર્થીનીઓની સરાજાહેર પજવણી કરનાર 3 યુવકોને 3-3 વર્ષની સજા

**ભોગ બનનાર બંને વિદ્યાર્થીનીઓને ૨૪-૨૪ હજાર વળતર ચુકવવા આદેશ**

અમરેલી,તા. ૧૬

અમરેલીમાં રહેતી અને અભ્યાસ કરતી બે તરૂણીઓ સ્કૂલેથી પોતાના ઘર તરફ જતી હોય ત્યારે ચાર જેટલાં સડકછાપ રોમિયો આ તરૂણીનો પીછો કરી વિદ્યાર્થીનીને પરેશાન કરવા અવરોધ કરી, મોબાઈલ નંબરોની ચિટ્ઠીઓના વિદ્યાર્થીની ઉપર ઘા કરી, ફોન કરવા કહી તથા જો ફોન નહી કરે તો આ બંને વિદ્યાર્થીનીઓ ઉપર એસિડ ફેંકવાની તથા જાનથી મારી નાખવાની તથા સમાજમાં બદનામ કરવાની ધમકીઓ આપી જાતીય સતામણી કરતાં હોય આ અંગેનો કેસ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સ્પે. પી.પી.ની દલીલોને માન્ય રાખી ત્રણ આરોપીઓને ત્રણ ત્રણ વર્ષની કેદ તથા રૂપિયા ૨૦-૨૦ હજાર દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં અમરેલીમાં રહેતી અને અભ્યાસ કરતી બે તરૂણીઓ ગત તા. ૧/૭/૧૯ થી તા. ૮/૮/૧૯

**અનુસંધાન પાના ૬ ઉપર**












*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)